શ્રી જૈનશ્વે૦ મૂ૦ પૂ૦ બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું *Registered No. B. 876.*

# बुद्धिप्रभा.

# BUDHI PRABHA.

( ધાર્મિક-સામાજીક-સાહિત્ય-નૈતિક વિષયોને ચર્ચતું માસિક. )

સંપાદક-મણીલાલ મોહનલાલ પાદરાકર.

पुस्तक ७ मुं. जुन १९१५. वीर संवत २४४१. अंक ३ जो.

## વિષયદર્શન.


| | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | કર્તવ્યોપદેશ ( કાવ્ય ). | ( બુદ્ધિસાગર સૂરિજી. ) | ૬૫ |
| ૨ | શ્રી કર્પૂરવિજય ગણિ. | ( વકીલ નંદલાલ લલ્લુભાઈ. વડોદરા. ) | ૬૬ |
| ૩ | શ્રીયુત ગાંધી અને તેમના ચરિત્ર ( કેરેક્ટર ) વિષેના વિચારો. | (મયૂર.) | ૬૯ |
| ૪ | જાપાનની આશ્ચર્યકારક ઉન્નતિ. | | ૭૧ |
| ૫ | કુરાનમાં અદત્તા દાન. | | ૭૩ |
| ૬ | હાર્દીજ... | (કલ્યાણ. વડોદરા.) | ૭૬ |
| ૭ | કાવ્યકુંજ.<br>પારમાર્થીક જીવન.<br>અંતરાત્મ નગર.<br>માનવહંસ પ્રબોધન.<br>તો શું ?<br>જૈનને !<br>Brahmcharie's Bhajan Yoga. | | ૭૯થી૮૨ |
| ૮ | પ્રેમઘેલા પ્રવાસીનું પવિત્ર જીવન.... | | ૮૩ |
| ૯ | અમારી નોંધ. | | ૮૪ |
| ૧૦ | સ્વદેશી કારીગરીનું પડી ભાગવું, તેના ઉન્નતિના ઉપાયો. | | ૮૭ |
| ૧૧ | બોર્ડીંગ પ્રકરણ. | | ૯૦ |
| ૧૨ | સુરતમાં ભરાયેલી પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતિ સાહિત્ય પ્રદર્શન. | | ૯૩ |
| ૧૩ | આદર્શ રમણિ ચરિત્ર. | ( સૌ. કુસુમ. ) | ૯૫ |


શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી

પ્રકાશક અને વ્યવસ્થાપક,

**શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.**

નાગોરીસરાહ-અમદાવાદ.

લવાજમ-વર્ષ એકનો રૂ. ૧-૪-૦ સ્થાનિક ૧-૦-૦ છુટક દર એક નકલના બે આના.

અમદાવાદ ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

## જાહેર સુચના.

અમદાવાદ શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગનો સને ૧૯૧૨ તથા સને ૧૯૧૩ ની સાલનો રીપોર્ટ હમણાં છપાઇ બહાર પડયો છે. જે બંધુઓને વાંચવાની અભિલાષા હોય તેમણે બોર્ડીંગને સરનામે પત્ર લખવો જેથી તેમને ફ્રી મોકલાવી આપવામાં આવશે.

---

## શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીશી ગ્રંથ ભેટ આપવાનો છે.

વીજાપુરનિવાસી શા. મુળચંદ સ્વરૂપચંદના વીલમાં સંકલ્પેલી રકમમાંથી તેમના ટ્રસ્ટીઓની આજ્ઞાનુસાર છપાવેલ શ્રીમદ્ દેવચંદ્રજીકૃત ચોવીશી, ( ટબાસહ ) વીશી, ગતચોવીશી તથા ધ્યાનદીપીકાનો ગ્રંથ રોયલ બત્રીસ પેજી ગુટકા આકારે પૃષ્ઠ ૬૨૫ પાકી બાંધણી સળંગ છીંટનું પૂઠું એમ્બોઝ સાથે ભેટ આપવાનો છે. મુની મહારાજાઓએ પત્ર લખી મંગાવી લેવા અને જૈન પુસ્તકાલયો તથા જ્ઞાનભંડારો માટે પોષ્ટ ખર્ચના રૂ. ૦-૧-૬ મોકલી તથા જૈન ગૃહસ્થોએ પોષ્ટેજનો રૂ. ૦-૧-૬ તથા નામની કીંમતના જ્ઞાન ખાતે લેવાના ૦-૨-૦ મળી કુલ રૂ. ૦-૩-૬ મોકલી નીચે સહી કરનાર પાસેથી મંગાવી લેવા વિનંતી છે. વેલ્યુપેબલથી મંગાવનારને તે પ્રમાણે મોકલવામાં આવશે.

**વકીલ મોહનલાલ હીમચંદ. પાદરા—( ગુજરાત ).**

---

## આખરે વિજય મળ્યો.

હીસ્ટીરીઆ ( તાણ ) ના દરદને કોણ જાણતું નથી ?

હીસ્ટીરીઆ નાની ઉંમરની સ્ત્રીઓને ઘણો લાગુ પડે છે. હીસ્ટીરીઆના દરદનાં મૂળ કારણ શોધી કાઢી તેના ઉપાયો ઘણા દરદીઓ ઉપર અજમાવી અમે ખાત્રી કરી છે કે હીસ્ટીરીઆનું દરદ પૂરી રીતે મટી શકે છે. હીસ્ટીરીઆ ભૂત નથી.

હીસ્ટીરીઆના દરદ ઉપર બીજા ઉપાયો અજમાવ્યા પહેલાં અમારી સલાહ લ્યો.

હીસ્ટીરીઆનું દરદ અમે ખાત્રીપૂર્વક ગેરંટીથી મટાડીએ છીએ. વિશેષ હકીકતનો ખુલાસો રૂબરૂ યા પત્ર મારફતે કરો.

**લી. શા. વાડીલાલ ડાહ્યાભાઇ.**
**અમદાવાદ. ( ઝવેરીવાડ. )**
**સુરજમલનું ડહેલું, આયુર્વેદ સિદ્ધૌષધાલય.**

---

**સ્થાપન સન ૧૮૬૯ સંવત ૧૯૨૫.**

**જુનામાં જુની ( ૪૬ વરસની ) શાખા.**

## જૈનધર્મનાં પુસ્તકો કીફાયત કિમ્મતથી વેચનાર.

અમારે ત્યાં મુંબાઈ, ભાવનગર તથા અત્રેનાં છાપેલાં દરેક જાતનાં જૈનધર્મનાં તથા સાર્વજનીક પુસ્તકો જૈનશાળા લાયબ્રેરીઓ વિગેરે દરેક સંસ્થાઓને ઘણીજ કિફાયત કિમ્મતથી વેચવામાં આવે છે. વધુ વિગત સારૂ અમારૂં મોટું ક્યાટલૉગ આવૃત્તિ છઠ્ઠી પૃષ્ઠ ૧૦૦નું અર્ધા આનાની ટીકીટ બીડી નીચેના શીરનામે મંગાવો.

**લી. બાલાભાઈ છગનલાલ શાહ.**

**પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર, ઠે. ફીકાભટની પોળ—અમદાવાદ.**

# बुद्धिप्रभा.

540

## ( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रहद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं ' बुद्धिप्रभा ' मासिकम् ॥

વર્ષ ૭ મું.] તા. ૧૫ જુન, સને ૧૯૧૫. [અંક ૩ જો.


## કર્તવ્યોપદેશ.

### કાવ્ય.

જાગી ઉઠો હૃદય ઘટમાં પૂર્ણ જ્યોતિ જગાવો,
સાચી સેવા જગ હિત તણી તેહમાં ચિત્ત લાવો,
ખોટા ખ્યાલો પરિહરી સદા ચિત્તમાં ધર્મ વાસો,
સારાં કાર્યો નિશદિન કરી વિશ્વમાં ઉચ્ચ થાશો. ૧

આત્મા છે આ પરમ વિભુ એ ભાવના ચિત્ત ભાવો,
મૈત્રીભાવી સકલ જનથી તુચ્છતાને હઠાવો;
સાચા ભાવે સકલ જનને દુઃખમાં દો દિલાસો,
સારાં કાર્યો નિશદિન કરી વિશ્વમાં ઉચ્ચ થાશો. ૨

સર્વે જીવો શિવસુખ લહો કર્મના ઓઘ ટાળી,
સર્વે જીવો શિવસુખ લહો રાગ ને દ્વેષ વારી;
સાચી એવી હૃદય ઘટમાં ભાવનાને વિકાસો,
સારાં કાર્યો નિશદિન કરી વિશ્વમાં ઉચ્ચ થાશો. ૩

સૌનું સારૂં મન વચન થકી કાર્ય લક્ષ્મીવડે હો,
આત્મ બુદ્ધ્યા પ્રતિદિન કરો લક્ષ્મીયો સાંપડે હો;
ત્હારી નિત્યે પ્રગતિ પથમાં આત્મશક્તિ પ્રકાશો,
સારાં કાર્યો નિશદિન કરી વિશ્વમાં ઉચ્ચ થાશો. ૪

ત્હારા માટે સકલ શુભ છે શુદ્ધ દૃષ્ટિ પ્રભાવે,
થાતું થાશે સકલ શુભ છે ધર્મ સાપેક્ષ ભાવે;
એવું ત્હારા હૃદય સમજી મોહ કર્મો વિનાશો,
સારાં કાર્યો નિશદિન કરી વિશ્વમાં ઉચ્ચ થાશો. ૫

આત્મા ચેતો ચતુર સમજી યોગ સારો મળ્યો છે.
જ્ઞાની યોગી ગુરૂગમ વડે ધર્મ તો સાંપડયો છે;
માટે નક્કી અવસર લહી જ્ઞાનમાર્ગે વિલાસો,
સારાં કાર્યો નિશદિન કરી વિશ્વમાં ઉચ્ચ થાશો. ૬
સારાં કાર્યો કરી વિશ્વે–આત્મોત્ક્રાન્તિ કરો સદા,
બુદ્ધચબ્ધિ સદ્ગુરૂ જ્ઞાને–ઇચ્છે શિર્ષ વહો મુદા. ૭

# શ્રી કર્પૂરવિજય ગણિ.

પંન્યાસ શ્રી સત્યવિજયજીનું ચરિત્ર આપ્યા પછી તેમના શિષ્યની પરંપરામાં જે જે મુખ્ય શિષ્યો થયા છે, તેમના સંબંધી માહિતી આપવી ઠીક લાગવાથી તેમના શિષ્ય શ્રી કર્પૂરવિજયજીનું ચરિત્ર આ વખતે આપવાની યોજના કરી છે.

શ્રીમંત ગાયકવાડ સરકારના કડી પ્રાંતમાં પાટણ તાલુકામાં પાટણ શહેર છે જે પ્રથમ ગુજરાતની રાજધાનીના શહેર તરીકે ઓળખાતું હતું. પાટણમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથનું મોટું મંદિર છે. મુલનાયકજી મહારાજની પ્રતિમા મહા ભવ્ય છે. બીજાં પણ ઘણાં દહેરાસરો છે, જે ઉપરથી પાટણની પુરાતનની જાહોજલાલી અને તેમાં વસ્તી જૈન પ્રજાની આબાદાનીનો ભાસ આપવાને પુરતો પુરાવો છે. વીરમગામ પાટડીથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જતાં રસ્તામાં પંચાસર ગામ આવે છે, ત્યાં એક પુરાણુ જીન મંદિર છે. ત્યાંથી શ્રી પંચાસરા પાર્શ્વનાથજી મહારાજની પ્રતિમા પાટણની વસાવટ કરનાર ગુજરાતના રાજા વનરાજે પંચાસરથી લાવીને અહીં પ્રતિષ્ટા કરાવી છે, એવી દંતકથા છે.

પાટણની નજીક વાગરોડ* નામે ગામ છે. એ ગામમાં પોરવાડ જ્ઞાતિના શા. ભીમજી શાહ નામના જૈન રહેતા હતા. તેમની સ્ત્રીનું નામ વીરા હતું તે પણ જૈન ધર્મમાં ઘણી આસ્તાવાળી હતી. તેમને કહાનજી નામનો એક પુત્ર થયો. તે બાળકની નાની ઉમરમાં તેમનાં માતાપિતા કાળધર્મ પામ્યાં, તેથી કહાનજીને પાટણમાં તેના ફુઆને ઘેર આણવામાં આવ્યો હતો.

કહાનજીની ચૌદ વર્ષની ઉમર થઇ, તે અવસરે પંન્યાસજી શ્રીસત્યવિજયજી પાટણમાં આવેલા હતા. તેઓનું વ્યાખ્યાન સાંભળવા કહાનજી જતા હતા. તે વ્યાખ્યાન સાંભળતાં કહાનજી વૈરાગ્ય પામ્યા, અને દિક્ષા લેવાની પોતાની ઇચ્છા જણાવી. પંન્યાસજીએ મુનિધર્મ સમજાવ્યો, અને તે પાળવો કેટલો કઠણ છે તે પણ સમજાવ્યું તો પણ કહાનજી વૈરાગ્યભાવમાં દ્રઢ રહ્યા.

કહાનજીએ ઘેર આવી પોતાના આપ્તવર્ગની પરવાનગી માગી અને તેમને સમજાવી પરવાનગી મેળવી. તેઓએ પંન્યાસજી પાસે આવીને કહાનજીને દિક્ષા લેવાની જીજ્ઞાસા છે અને તેમાં પોતાની અનુમતિ છે એમ જણાવ્યું.

* આ વાગરોડ ગામ હાલ પાટણથી ઉત્તરે છ ગાઉ પર છે. તેમાં શ્રાવકનાં ઘરો ૨૦ છે. કુલ જૈન વસ્તી ૭૫ માણસની છે. આ ગામમાં શ્રી ચિંતામણ પ્રભુજીનું દહેરાસર છે, અને એક

સંવત ૧૭૨૦ ના માગસર સુદી ૧૧*ના શુભ દિવસે દિક્ષા આપી અને કર્પૂરવિજય નામ પાડ્યું. જ્યારથી દિક્ષા લીધી ત્યારથી ઉત્તમ પ્રકારે મુનિ ધર્મનું પાલન કરવાની સાથે ગુરૂ સંગાથે વિહાર કરવાનો શરૂ કર્યો.

મુનિ કર્પૂરવિજયમાં ગુરૂભક્તિનો ગુણ મુખ્ય હતો, ગુરૂભક્તિની સાથે તેઓનો શાસ્ત્રાભ્યાસ પણ વધતો ગયો. તેમનામાં ગીતાર્થને લાયકની યોગ્યતા જોઈ શ્રી વિજયપ્રભ સૂરીએ આણંદપુરમાં+ પંન્યાસ (પંડિત) પદ આપ્યું.

સંવત ૧૭૫૬ ના પોસ માસમાં પંન્યાસ શ્રી સત્યવિજયજીએ સ્વર્ગગમન કર્યું તેથી તેમની પાટે શ્રી કર્પૂરવિજય ગણીને લાયક જાણીને નિયત કરવામાં આવ્યા.

તેઓ ઘણા પ્રતિભાશાળી હતા. સમ્યક્જ્ઞાનની સાથે શુદ્ધચારિત્ર ધર્મના આરાધકમાં ઘણાભાગે એ ગુણ ઉત્પન્ન થાય છે. જેમનામાં આ ગુણો ઉત્પન્ન થાય છે, તેઓનો વૈરાગ્ય પ્રાયે ઉચ્ચ પ્રતિનો હોય છે, અને તેઓનો ઉપદેશ ભવ્ય જીવોને જલદી બોધનું કારણ થાય છે. તેઓએ વઢીયાર, મારવાડ, ગુજરાત, સોરઠ વિગેરે ભાગોમાં વિહાર કર્યો હતો. રાજનગર (અમદાવાદ), રાધનપુર, સાચોરી, સાદરી, સોજત, વડનગર ઇત્યાદિ શહેરોમાં ચોમાસાં કર્યાં હતાં. વિહારમાં તેમના કેટલાક શિષ્યો થયા હતા. તેમાં મુખ્ય પંન્યાસ શ્રી વૃદ્ધિવિજય ગણી અને પંન્યાસ શ્રી ક્ષમાવિજયજી હતા.

ગણી શ્રી કર્પૂરવિજયજીએ જીનબિંબની પ્રતિષ્ઠાઓ કરાવી હતી તેમજ ઉપધાનની ક્રિયાઓ કરાવી હતી. એવું તેમના રાસમાં જણાવવામાં આવ્યું છે, પણ કયા કયા સ્થળોએ તે વિગત જણાવી નથી. તેઓશ્રી વૃદ્ધાવસ્થામાં ઘણાભાગે પાટણમાં રહેતા હતા.

વૃદ્ધાવસ્થામાં પોતે પાટણ પધાર્યા તે પહેલાં તેઓશ્રી અમદાવાદમાં સરસપુરના ઉપાશ્રયે ચોમાસું રહેલા હતા. વૃદ્ધાવસ્થાના કારણથી પોતે હવે વિહાર કરી શકે એવી શક્તિ ધરાવતા નથી એમ લાગવાથી શ્રી ક્ષમાવિજયજીને પોતાની પાટે સ્થાપી પાટણ પધાર્યા હતા.

શ્રી ક્ષમાવિજયજીના ચરિત્રથી એમ જણાય છે કે, તેમને પંન્યાસ શ્રી વૃદ્ધિવિજય ગણીએ ઉપદેશ કર્યો હતો અને દિક્ષા આપી હતી. વૃદ્ધિવિજયજીએ પોતાના શિષ્ય તરીકે તેમને દિક્ષા નહિ આપતાં પોતાના ગુરૂના નામથી દિક્ષા આપેલી હોવી જોઇએ, કેમકે શ્રી કર્પુરવિજયજીના મુખ્ય બે શિષ્ય તરીકે શ્રી વૃદ્ધિવિજયજી અને ક્ષમાવિજયજીનાં નામ જણાવેલાં છે અને શ્રી કર્પૂરવિજય મહારાજે પોતાની પાટે પોતેજ શ્રી ક્ષમાવિજયજીને સ્થાપન કરેલા હતા.

શ્રી કર્પૂરવિજયજી મહારાજ ઘણા વૃદ્ધ થવાથી શ્રી ક્ષમાવિજયજી ગુરૂ વંદણને માટે પાટણ પધાર્યા હતા અને તે વખતે એટલે સંવત ૧૭૭૪ ના મહા માસમાં પાટણના શાહ ઋષભદાસભાઇ નામના શેઠીયાને ત્યાં પ્રતિષ્ઠા મહોત્સવમાં ૭૦૦ જીનબિંબની પ્રતિષ્ઠા શ્રી ક્ષમાવિજયજીએ કરાવી હતી.

---

* રાસકાર શ્રી જીનવિજયજી રાસની છઠ્ઠી ઢાળની ચોથી કડીમાં નીચે પ્રમાણે જણાવે છે.

સંવત સત્તરે વીસ, માગસીર સુદી સુજગીસ;<br>
નામ ઠવીયું મુનિ, કર્પૂરવિજય સોહામણુંજી.

આ ઉપરથી મૌન એકાદશીનો દિવસ હોવો જોઇએ એમ અનુમાન થાય છે કારણ માગસર માસમાં જૈનોમાં પ્રખ્યાત અને પવિત્ર દિવસ તે છે.

+ આણંદપુરને વડનગર કહેવામાં આવે છે.

સંવત ૧૭૭૫ ના શ્રાવણ વદી ૧૪ ને સોમવારના રોજ વિજય મહુરત વખતે આયુષ્ય કર્મ સંપૂર્ણ થયાનો અવસર જાણી અનશન કર્યું. છેવટની ઘડી સુધી પોતે ચાર શરણ ( અરિહંત, સિદ્ધ, સાધુ, ધર્મ )નો ઉચ્ચાર કરતા કરતા શુભ ધ્યાનમાં પોતાનું આયુષ્ય પુરૂં કર્યું.

ગુરૂના સ્વર્ગગમનના સમાચાર સાંભળી પાટણનો સંઘ ઘણો ઉદ્વેગ પામ્યો, છતાં ગુરૂભક્તિમાં તેમણે ખામી રાખી નહિ. ગુરૂના શરીરને બાજઠ ઉપર બેસાડી કેસર ચંદનથી તેમની નવ અંગે પૂજા કરી અને આખા શરીરે વિલેપન કર્યું. છેવટનાં દર્શન કરવા માટે આખો સંઘ ભેગો થયો અને કેટલાકે વૈરાગભાવથી ચોથું વ્રત અંગીકાર કર્યું. નવખંડી માંડવી કરી, વિવિધ પ્રકારના વસ્ત્રોથી તેને પરિધાન કરી તેમાં તેમને પધરાવી ઘણા ઠાઠથી દ્રવ્ય ઉછાળતાં અને યાચકજનોને દાન આપતાં મુખે " જય જય નન્દા જયજય ભદ્રા " નો આઘોષ કરતાં ગામ બહાર લાવી સુખડની અંદર ગુરૂના શબને પધરાવી અગ્નિસંસ્કાર કર્યો, અને ગુરૂભક્તિ નિમિત્તે મોટો મહોત્સવ કરી સંઘે પોતાનું કર્તવ્ય બજાવ્યું. પંન્યાસજી શ્રી સત્યવિજયજીની સ્થંભની સાથેજ એઓશ્રીની સ્થુભ બનાવી.

શ્રી ક્ષમાવિજયજીના શિષ્ય જીનવિજયજી ગણીએ સંવત ૧૭૭૯ ની સાલમાં વડનગરમાં ચોમાસુ રહી ગુરૂની આજ્ઞા મેળવી વિજ્યદશમી ને શનીવારના રોજ તેમનો રાસ બનાવ્યો છે. જૈન રાસમાળા ભાગ ૧ લો અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રસિદ્ધ થએલો છે તેના પૃષ્ટ ૧૧૮ ઉપર છાપેલો છે.

શ્રી કર્પૂરવિજયજીના જન્મની સાલ જણાતી નથી પણ સંવત ૧૭૨૦ ના માગસર માસમાં તેમને દિક્ષા આપવામાં આવી તે વખતે તેમની ઉમર ૧૪ વર્ષની હતી તે ઉપરથી તેમનો જન્મ સંવત ૧૭૦૬ ની સાલમાં થએલો હોવો જોઇએ. તેઓશ્રીએ સંવત ૧૭૭૫ ની સાલમાં પોતાનું આયુષ્ય પુરૂં કર્યું, તે ઉપરથી તેઓ ૬૯ વર્ષની ઉમ્મરે કાળધર્મ પામ્યા અને ૫૫ વર્ષ દિક્ષાપર્યાય પાળ્યો એમ જણાય છે.

સંવત ૧૭૫૬ ની સાલમાં શ્રી સત્યવિજયજીએ કાળ કર્યો એટલે શ્રી કર્પૂરવિજયજીને ૩૬ વર્ષ સુધી ગુરૂ આજ્ઞા મેળવવાનો લાભ મળ્યો.

શ્રી કર્પૂરવિજયજીએ નવીન કૃતિઓ કંઇ કરેલી હોય એમ અત્યાર સુધી બહાર આવેલું નથી પણ તેઓ સમર્થ વિદ્વાન, પ્રભાવિક અને દીર્ઘદર્શિ હતા એમ આપણને માનવાને કારણ મળે છે. પોતે વૃદ્ધ થયા અને સાશન અને સંઘાડાનો ભાર ઉપાડવાથી અંતિમ વખતે આત્મ ઉત્કર્ષ માટે જોઇએ તેટલો કાળ કાઢી શકાશે નહિ, તેમજ દેશમાં વિહાર કરી શકાશે નહિ એવી સ્થિતિ જોઇને પોતાની પાટ ઉપર શ્રી ક્ષમાવિજયજીને સ્થાપન કરી પોતે છેવટ સુધી પાટણમાં રહ્યા. સંવત ૧૭૭૫ માં તેઓ કાળધર્મ પામ્યા અને સંવત ૧૭૭૪ ની સાલમાં સાતસો જીનબિંબની સ્થાપના થઇ એ તેઓશ્રીના ઉપદેશનુંજ પરિણામ હોવું જોઇએ.

શ્રી ક્ષમાવિજયજી કરતાં શ્રી વૃદ્ધિવિજયજી મોટા હતા, અને તેમના હાથેજ ક્ષમાવિજયજીની દિક્ષા થએલી હતી છતાં શ્રી ક્ષમાવિજયજીને પોતાની પાટ ઉપર સ્થાપન કર્યા. તેનાં બે કારણ હોવાં જોઇએ. એક તો જે વખતે શ્રી ક્ષમાવિજયજીને સ્થાપન કર્યા, તે વખતે શ્રી વૃદ્ધવિજયજી હૈયાત હતા એમ જાણવાને આપણી પાસે હાલ કંઇ સાધન નથી તેથી કિંવા તેમના કરતાં શ્રી ક્ષમાવિજયજીમાં પ્રભાવિક શક્તિ તેઓશ્રીએ વધુ જોએલી હોવી જોઇએ. ગમે તે કારણ હો પણ શ્રી ક્ષમાવિજયજીને પોતાની પાટ ઉપર સ્થા-

પન કરવામાં તેમણે ઘણી કુશળતા વાપરી હતી એમ જે વખતે આપણે શ્રી ક્ષમાવિજયજીનું ચરિત્ર અવલોકન કરીશું તે વખતે આપણી ખાત્રી થશે.

જેઓ નાની ઉમરમાં પોતાના શુદ્ધ ભાવથી દિક્ષા અંગીકાર કરે છે, અને ગુરૂ સહવાસમાં રહી જ્ઞાનાભ્યાસ કરે છે તેમનામાં કુદરતી રીતે જ્ઞાન અને વિનય ગુણ ઉત્પન્ન થાય છે. શ્રી સત્યવિજયજી પન્યાસ જેવા સમર્થ વિદ્વાન અને તપશ્ચર્યાવાન ગુરૂના સહવાસમાં ૩૬ વર્ષ સુધી રહેનાર જડ હોય તો પણ લાયક થાય, તો પછી શ્રી કર્પૂરવિજયજી જેવા પુરૂષ ભાવિક ગુણી અને પ્રભાવિક નીકળે તેમાં કાંઇ નવાઇ નથી.

પ્રાચીનકાળમાં પટધારી આચાર્ય મહારાજો પોતાની વૃદ્ધાવસ્થામાં સંઘનો ભાર વહન કરવામાં પોતાનો કાળ નિર્ગમન કરવા કરતાં જ્ઞાન ધ્યાનમાં કાઢવાનું વધુ યોગ્ય ધારતા તે વખતે લાયક શિષ્યોમાંથી એકને પોતાની પાટ ઉપર સ્થાપન કરી પોતાના શિર ઉપરનો બોજો ઉતારતા. તેનું અનુકરણ શ્રી કર્પૂરવિજયજીએ કરેલું જણાય છે. આ ઉપરથી વર્તમાનમાં વિચરતા શાશન ધુરાવહન કરનારા મહાત્માઓએ તેનું અનુકરણ કરવા જેવું છે એટલુંજ નહિ પણ ગૃહી ધર્મનું પાલણ કરનાર ગૃહસ્થોએ પણ શીખવા જેવું છે.

ધનવાન છતાં ધંધો રોજગાર સારો ચાલતો હોય, વૃદ્ધાવસ્થા થઇ હોય, પાછળ પુત્રાદિક કુટુંબનો તેમજ વ્યાપારનો બોજો ઉપાડી લેવા લાયક હોય છતાં પણ લોભ વશ રહી છેવટ સુધી તેમાં મમત્વભાવે વળગી રહેવાય ને મૂર્છા ઓછી થાય નહિ એ કર્મનીજ વિચિત્રતા જાણવી. એવે પ્રસંગે કુટુંબભાર પાછળના લાયક માણસોને ભળાવી બાકીનું આયુષ્ય આત્મસાધનમાં કાઢવામાં આવે તોજ જીવન સાર્થક કરી શકાય. તથાસ્તુ.

**વકીલ નંદલાલ લલ્લુભાઇ, વડોદરા.**

# श्रीयुत गांधी अने तेमना चारित्र (केरेक्टर) विषेना विचारो.

મિ૦ ગોખલેની જગ્યા પૂરવાર કરવા તેના જેવા વીર નર કોઇ બહાર આવ્યા નથી એમ છતાં તેવી ઇચ્છાવાળા અને ઘણી બાબતોમાં પોતાની ઉંચી લાયકાતવાળા શ્રીયુત ગાંધી સદ્ભાગ્યે હિંદ ભણી કાયમના માટે પધાર્યા છે એમ સૌ કોઇએ જાણ્યું છે, અને સંતોષની બીના છે કે તેઓ જે કોઈ કાર્ય હાથ ધરે છે તે પ્રથમ બહુ વિચાર કરી હાથ ધરે છે અને હાથ લીધા બાદ તેને ગમે તે ભોગે ધારેલ રીતે શાન્તિપૂર્વક પાર પાડે છે એમ આપણે અત્યાર સુધી જોઇ લીધું છે.

મિ૦ ગોખલેના મીશનને મિ૦ ગોખલે સાથે રહી આગળ વધારી હિંદને ઉન્નતદશાએ પહોંચાડવાની તેઓની જીજ્ઞાસા હતી પણ હિંદના હતભાગ્યે મિ૦ ગોખલેનું શારીરિક જીવન તુટી ગયું; નહિ તો શ્રીયુત ગાંધીને પોતાના કાર્યમાં ઘણીજ ફતેહ મળત, પણ ગાંધી તેથી નિરાશ ન થતાં હિંદ માટે કઇ દીશાએ કામ કરવા યોગ્ય છે તથા હિંદી બંધુઓ કેવા વિચારવાળા છે અને તેમાં ખાસ કરી જવાબદાર વ્યક્તિઓ—અગ્રેસરો અને બોલનારાઓ કેવા ચારિત્રવાન છે તેનો અનુભવ લેવા શ્રીયુત ગાંધી તેઓની પત્નિ સાથે હિંદના જુદા જુદા ભાગમાં પર્યટન કરે છે એ તેમના પ્રવાસની પ્રગટ થતી હકીકતોથી આપણે જોયું છે. તેમાં

તેઓએ મદ્રાસ ઇલાકામાં-એક ગામ મધ્યે પોતાને અપાયેલા માનપત્રના ઉત્તરમાં જે ઉદ્‌ગારો પ્રગટ કર્યા છે તે તરફ આપણું ધ્યાન ખેંચવાની જરૂર છે. તેઓના તે ઉદ્‌ગાર હૃદયની ઉંડાણમાંથી નીકળ્યા છે અને તેનો સંપૂર્ણ ભાવાર્થ એ છે કે 'હિંદ બોલવાનું શીખેલ છે પણ કરવાનું નહિ.' કૉન્ફરન્સો અને કોંગ્રેસ-સભાઓ અને મંડળોમાં બરાડા મારનારા અને મોટી જગ્યા રોકનારા પણ કહેવું કંઇ ને કરવું કંઈ એવી વિચિત્ર રીત રાખનારા જણાયા છે અને તે હિંદની ઉન્નતિ માટે ગાંધીને પ્રતિકૂળ જણાયા છે. ખરૂં છે કે થોડું બોલો પણ સારૂં હોય તેને ગ્રહણ કરો. માત્ર બોલવાથી તમારૂં ચારિત્ર નિર્મળ થશે નહિ અને જ્યાં સુધી કેરેક્ટર અર્થાત્ ચારિત્ર નિર્મળ થશે નહિ ત્યાં સુધી ભલે હજારોની વચ્ચે બોલો પણ એકને તમારા વચનની અસર થશે નહિ, અને તે વિના કોઇ પણ કાર્ય પાર પડશે નહિ; માટે નૈતિક ગુણોને પ્રગટ કરો. ચારિત્ર નિર્મળ કરો અને તમારાથી બને તે રીતે થોડું પણ સારૂં કરી બતાવી તમારા ચારિત્રની છાપ અન્ય ઉપર પાડો.

મી. ગાંધીના શબ્દોમાં ઘણું રહસ્ય રહ્યું છે, અને તે દરેક ઉપર વિવેચન કરવા યોગ્ય છે; છતાં તેનો સાર જણાવી તેમના વિવેચનનો ઉપયોગી ભાગ નીચે ટાંકવામાં આવ્યો છે. જો તે ઉપર બરોબર ધ્યાન અપાય તો દરેક વ્યક્તિ પોતાનું આત્મબળ ખીલવી કેરેક્ટરમાં ઘણો મ્હોટો ફેરફાર કરી શકે.

"મને એવો સવાલ પૂછ્યો છે કે શું એ બીના ખરી છે કે મારે મારા આગેવાનો જોડે તકરારમાં ઉતરવું પડ્યું છે? હું કહું છું કે મેં તકરાર મારા આગેવાનો જોડે કરી નથી. કોઇને તેમ લાગ્યું હશે, કેમકે જે ઘણી બીનાઓ મેં સાંભળી છે, તે મારા પોતાના સ્વમાનના અને મારી માતૃભૂમિના માનના વિચારો સાથે બંધબેસતી નથી. મને લાગે છે કે મેં તેઓ પાસેથી જેવું જ્ઞાન મેળવવા માંગ્યું તેવું જ્ઞાન મને તેઓ પાસેથી જડયું નથી એ બનવાજોગ છે કે, તેઓના વિચારો પ્રમાણે ચાલવાની લાયકાત મારામાં નહિ હોય એ કારણથી હું મારા વિચારોપર ફરીથી વિચાર ચલાવી જોઇશ તેમ છતાં હું એમ કહેવાની સ્થિતિમાં છું કે મેં તકરાર કરી નથી. મને એમ લાગે છે કે મારા આગેવાનો સાથે જે કાંઇ તેઓ કહે છે કે કરે છે તેની અસર કોઇ પણ કારણે મારાપર થતી નથી. તેઓના બોલેલા શબ્દોનો મોટો ભાગ મારાપર કાંઈ અસર કરતો નથી. તમે મને જે માનપત્ર આપ્યું છે તે અંગ્રેજી ભાષામાં છે. કોન્ગ્રેસના પ્રોગ્રામમાં સ્વદેશીને લગતો એક ઠરાવ છે, જો તમે એમ કહો કે તમે સ્વદેશી છો તો તમારે એ માનપત્ર અંગ્રેજીમાં છાપવું નહિ જોઇએ. મને તો બંનેમાં વિરોધ જણાય છે. અંગ્રેજી ભાષા સામે મને કાંઇ બોલવાનું નથી, પણ જો તમે દેશી ભાષાઓનો નાશ કરી તેની કબર ઉપર અંગ્રેજી ભાષા બેસાડો તો તમે ખરી રીતે સ્વદેશીને ઉત્તેજન આપતા નથી. જો હું તામીલ ભાષા નહિ જાણતો હોઉં તો તમારે તે માટે મને માફી આપીને તે ભાષા શીખવા આગ્રહ કરવો જોઇએ અને એજ ભાષામાં માનપત્ર આપી તેનો તરજુમો મને સંભળાવવો જોઇએ. અહીં જો તેમ થયું હોત તો આપણા પ્રોગ્રામનો એક ભાગ બરોબર બજાવ્યલો ગણાત. તોજ મને લાગત કે હવે મને "સ્વદેશી" બરાબર રીતે શીખવાય છે. આ ગામમાં એક હજાર હાથથી વણવાની શાળો છે. આ ગામમાંથી જે કાંઇ હું શીખ્યો છું તે એ કે કાંઇ પણ વધુ ખર્ચ કર્યા વગર મારા શરીરને માટે યોગ્ય સ્વદેશી કપડાં હું મેળવી શકું એમ છું. સ્વદેશીને લગતો કોંગ્રેસે પસાર કરેલો ઠરાવ કોંગ્રેસના આગેવાનો તરીકે મનાય છે, તેઓ પાળે છે

તેમ મને ક્યારે માલુમ પડે ? હું મારા આગેવાનોના અને આ ગામના લોકોના પગ આગળ શીખવા બેઠો છું અને તેમને પુછું છું કે તેઓ એ ગુપ્ત મંત્રની સમજણ પાડશે કે જેઓને રહેવા માટે ઘર નથી, પીવા માટે પાણી નથી અને ખાવા માટે ખોરાક નથી તેઓની પ્રાર્થનાઓ સ્વીકારવી નહિ એ શું આપણી પ્રજાકીય હિલચાલનો ભાગ છે ? અને એવી વખતે મારે કેવું વર્તન ચલાવવું ? અત્રે એકઠા થયલા લોકોને મારા મિત્રોને હું એ સવાલો પૂછું છું. હું તમારી વિરૂદ્ધ કાંઇક બોલતો હોવાથી અત્રેના વિદ્યાર્થી વર્ગનો પ્રેમ અને મારા આગેવાનોનો આશીર્વાદ હું મેળવી શકીશ કે કેમ તે વિષે મને શક છે. તમે તે છતાં તમારા વિશાળ હૃદયનો એક ખુણો મારે માટે રાખશો એવી મને આશા છે. જો તમે મને વધુ ખરૂં જ્ઞાન શીખવવા જેટલો પ્રેમ દેખાડશો તો હું તે ખરા અંતઃકરણથી શીખવા પ્રયત્ન કરીશ. હું તેજ માટે માગણી કરૂં છું, અને તે મને મળે એવી પ્રાર્થના કરૂં છું. જો તમે મને તે શીખવી શકો એમ નહિ હોય તો મારા આગેવાનો સાથે મને વિરોધ છે એમ હું ફરીથી જાહેર કરૂં છું. ”

મયૂર.

# જાપાનની આશ્ચર્યકારક ઉન્નતિ.

( અનુસંધાન ગતાંક પાને ૪૮ થી ચાલુ ).

જે વખતે બાદશાહને પોતાની સત્તા પરત સોંપવામાં આવી તે વખતે શાહની ઉમ્મર ન્હાની હતી, તોપણ તેના સમજવામાં એક વાત સારી રીતે આવી ગઇ કે, રાજકીય જીવનમાં ઘણાજ મોટા પરિવર્તનની આવશ્યકતા છે, અને જો સમયાનુસાર પોતાનું આ કર્તવ્ય પ્રતિપાલન કરવામાં નહિ આવે તો આખા દેશ પર ઘણી મોટી આફત આવશે. આ બાબતનો સંપૂર્ણ ખ્યાલ કરી તેણે પોતાના જીવનના સર્વ સુખોને તિલાંજલી આપવામાં જરા પણ સંકોચ કર્યો નહિ. પોતાના પૂર્વજોની પેઠે સુખચેન ઉડાવવાનું તેણે તુરતજ બંધ કર્યું. પોતાની રૈયતને સુધારવી હોય, પોતાની પ્રજાને સુખી કરવી હોય તો લક્ષાવધિ રૂપીઆનો ધુમાડો કરી ઉડાવવામાં આવતી મોજમજાનો ત્યાગ કરી—સાદાઇ અખત્યાર કરવી જોઇએ. તેજ પ્રમાણે તે સાદો અને શાંત, નિરાભિમાન બની રહ્યો.

વળી તેણે કિયાટોના ગંદી, અંધીઆર હવામાંથી પોતાની રાજધાની ઉઠાવી, ટોકીઓની ખુલ્લી હવામાં તદ્દન નવી રાજધાની સ્થાપન કરી. ખરૂં જોતાં કિયાટો નામ માત્રથીજ બસો વર્ષ થયાં બાદશાહની પરાધિનતા જણાતી હતી. વળી મિકાડો ( બાદશાહ ) એ નવિન રાજધાનીમાં આવવા જવાની તથા રીતરિવાજની પ્રણાલિકા બહુજ ઉદાર રાખી, ને પોતે પણ દરેક લોકને મળવા ભેટવા લાગ્યો. પોતે રાજા છે માટે હલકા માણસોને મળવું—ભેટવું એ પોતાની પદવીથી હલકું છે એ તેના મનમાંથી નીકળી ગયું. પરિણામ એ થયું કે બાદશાહનું શરીર એટલું પવિત્ર છે ને તેના આપ્તવર્ગ સિવાયના કોઇ પણ માણસથી બાદશાહના દીદારનાં દર્શન કોઇ કરી ન શકે, એ ખ્યાલ લોકોમાં પેસી ગયો હતો તે નીકળી ગયો. મોટા મોટા રાજા રજવાડાઓએ પોતાની માન—મર્યાદાને તિલાંજલી આપી, આપસ આપસનો દ્વેષ ત્યાગ કર્યો. તેઓએ પોતપોતાનાં રાજ્યો પોતાની જાતેજ બાદશાહના પગ પાસે ધર્યા ને કહ્યું કે હવે આ આખા સામ્રાજ્યનો [illegible] આપજ કરો.

રાજાઓની આ દેશભક્તિ પૂર્ણ પ્રાર્થનાનો લાભ લઇ ધીરે ધીરે જાગીરદારીની પ્રથા ઉખેડી નાખવામાં આવી. પ્રથમ તો આ રાજાઓને ભિન્ન ભિન્ન પ્રાંતોના ગવર્નરો મુકરર કરવામાં આવ્યા, ને અધિકાર આપવામાં આવ્યા કે પ્રથમની માફકજ તેઓ પોતાના કર વસુલ કર્યા કરે. તે વસુલ કરેલા કરમાંથી એક દશાંસ ભાગ પોતે તેમજ પોતાના રસાલા માટે રાખે, ને બાકીનો ભાગ મુખ્ય અધિકારીઓ તરફ રવાના કરવો. તે ઉપરાંત ૧૮૭૧ના ઑગસ્ટ માસમાં એક આજ્ઞા એવી કરવામાં આવી કે બધો કર સિદ્ધો શાહિ ખજાનામાં ભરી દેવો; પણ જે દશમો ભાગ તેઓ તથા તેમના રસાલાને મળતો હતો તે તેમણે રાખવો.

તે ઉપરાંત એમ ઠરાવવામાં આવ્યું કે દરેક રાજાઓએ ટોકીઓમાંજ આવી રહેવું. યૂરોપિયન રાષ્ટ્રોની શૈલી પ્રમાણેજ ત્યાં પણ રાજ્ય સંબંધી બધાં કામકાજના વિભાગ પાડી નાખવામાં આવ્યા; ને દરેક મુખ્ય કામની લગામો, આગેવાનો ને રાજાઓને સોંપી દીધી ને તે બધાં રાજાઓના કામનાં ખાતાઓની એક મુખ્ય લગામ વિભાગની મુખ્ય ( કૌનસીલ કે પરિષદને તાબે નહિ રાખતાં ) ખુદ બાદશાહના હાથમાં રાખવામાં આવી હતી. તેઓને મુકરર કરવા કે દુર કરવાનો અધિકાર પણ શાહનાજ હાથમાંજ રાખવામાં આવ્યો હતો, અને તે એટલા માટે કે આ મહાન પદ મોટા મુસદ્દીઓ-રાજાઓનેજ સોંપાય, કારણ કે તેમની કૃપાથીજ બાદશાહને પોતાની રાજસત્તા પાછી મળી હતી. આ પ્રબંધ પણ થોડાં વર્ષ રહ્યો.

થોડા વખતમાં ગવર્નમૅન્ટ તરફથી સમુરાઇ (ક્ષત્રિય) જાતિના સંબંધમાં એક આજ્ઞા પત્ર કાઢવામાં આવ્યું; ને તેમાં ઠરાવવામાં આવ્યું કે, જેઓને જન્મભર પેનશન મળતું હતું તેઓને ચાર વર્ષે ભેગું પેનશન આપવામાં આવશે, અને જેમને પેઢી દર પેઢી પેનશન આપવામાં આવતું તેમને છ વર્ષનું પેનશન ભેગું કરી આપવામાં આવશે.

સને ૧૮૭૨ માં યુદ્ધ વિભાગને બે હિસ્સામાં વહેંચી નાંખવામાં આવ્યો. સ્થળ વિભાગ અને જળ વિભાગ ત્યાં સુધી જાપાની ફોજમાં માત્ર સમુરાઇ લોકોજ રાખવામાં આવતા, પણ હવે તે નિયમ રદ કરવામાં આવ્યો, ને એક ખાસ આજ્ઞા બહાર પાડવામાં આવી કે દરેક શસ્ત્ર ધારણ કરી શકે તેવા માણસ, પછી તે ગમે તે જાતિનો હોય તેનું ખાસ કર્તવ્ય છે કે તેણે ફોજી નોકરી ફરજીઆત કરવી. આથી સમુરાઇ લોક ચીરડાયા કારણ કે તેઓ જેમને પોતાનાથી નીચ સમજતા હતા તેમની સાથે રહીને તેમને પરેડ કરવી પડતી. વળી જેમના બાપ દાદાઓએ કદી શસ્ત્ર પણ પકડયું ન હોય તેવાઓને ફોજમાં દાખલ કરવા એ ઘણુંજ અનુચિત છે એમ જુના જમાનાના માણસોને લાગતું પરંતુ ગવર્નમૅન્ટ ભવિષ્યમાં આ અડચણો દૂર થઇ જશે એવી આશાથી શાંતિથી કામ લેવા લાગી. ૧૮૭૬ માં એક બીજી રાજાજ્ઞા કાઢવામાં આવી કે જેથી સમુરાઇ લોકોના પેનશનના સંબંધમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો ને તેમની બે તરવારો બાંધવાની રૂઢી બંધ કરી એક તરવાર બાંધવાનું ઠરાવ્યું.

આટલે સુધી તો જાપાનનું સંશોધન કાર્ય શાંતિથી ચાલુ રહ્યું પરંતુ સને ૧૮૭૭ માં સટમુટા જાતિના નેતા સેગો ટાકામોરીએ, કોરીઆએ કરેલું જાપાનનું અપમાન. એ બહાના હેઠળ સર્વ લોકોમાં બંડ ઉઠાવ્યું. જેમાં દેશભક્તિ અને દુરદર્શીપણાની કમીના હતી, પણ મુળમાં તેઓ આ થઇ રહેલા પરિવર્તનથી અસંતુષ્ટ હતા તેથી બંડ ઉઠાવેલું.

આ બંડનું પરિણામ એ આવ્યું કે, દેશમાં આપસ આપસમાં લડાઇ સળગી ઉઠી. બાદશાહની તરફ કાયદાકાનૂન તથા દેશોન્નતિના પક્ષપાતી લોકો હતા, તેઓએ છ મહિનાની અંદર આ સઘળી અશાંતિ દૂર કરી નાંખી પણ આ વિપ્લવમાં બેઉ બાજુએ થઇને લગભગ ત્રીસ હજાર માણસો માર્યાં ગયાં. બાદશાહની ફોજમાં ડીશાન અને કારીગર લોકોના છોકરાઓ, તેમણે છેવટે સમુરાઇ લોકોને હરાવ્યા. જેથી તેઓની પ્રભૂતા–સત્તા જતી રહી, તથા તેમની બધી શેખી પણ ચાલી ગઇ, ને તેઓમાંના રાજાઓ તથા દરબારીઓ વિગેરેની પદવી છીનવી લેવામાં આવી અને તે ઉભયની મેળવણી કરીને કવાજોકો નામની એક નવીન જાતિ બનાવવામાં આવી, તથા એક અન્ય જાતિની પણ ઉત્પત્તિ કરવામાં આવી. જેનું નામ હેરમિન રાખ્યું હતું. આ પાછલી જાતમાં સાધારણ લોક સમ્મિલન થયા હતા. તેની સાથે સાથે એટા–એટલે નીચ જાતની સામાજીક અવસ્થા પણ ઉંચી સ્થિતિએ લાવવામાં આવી, ને તેમની ઉન્નતિમાં આવતી કેટલીક અડચણો દૂર કરવામાં આવી. બૌદ્ધ સંપ્રદાયનો રાજધર્મ થવાનો અહંકાર ઘમંડ હતો તે પણ કાઢી નાંખવામાં આવ્યો, ને દરેકને માનસિક સ્વતંત્રતા આપવામાં આવી.

ઉપર પ્રમાણે સામાજીક પરિવર્તન જે વખતે ચાલી રહ્યું હતું તે વખતે ગવર્મેન્ટ સ્વદેશી અને પરદેશી પોષ્ટ ખાતાના આવવા જવાનો પ્રબંધ કરી રહ્યું હતું. ખેતી અને કારીગરીની ઉન્નતિ માટે તનતોડ પ્રયાસો ચાલી રહ્યા હતા. ખાણો અને અન્ય વ્યાપાર ધંધાને ખીલવવા માટે મશીનો ચાલી રહ્યાં હતાં; જંગલોની વ્યવસ્થા કરવાનું શરૂ થયું. કાયદા અને કારાગૃહો બંધાવા લાગ્યાં. યોગ્ય સેના, દરિયાઇ સેના, પોલીસ, ન્યાય, ને શાસન વિભાગો તૈયાર કરવામાં આવ્યા. કેળવણી માટે પણ પૂર્ણ પરિશ્રમ ચાલી રહ્યા હતા. સ્ત્રીકેળવણી માટેની અગત્યતા ક્યારનીએ સ્વીકારી ચુકાઇ હતી. આ બધા જ્ઞાન પ્રસાર સાથે જાપાની ગવર્મેન્ટ, મ્યુનીસીપાલીટી અને અન્ય પ્રતિનિધિ સત્તાત્મક સંસ્થાઓ સ્થાપિત કરવાનાં પોતાનાં કર્તવ્યો કરવામાં પણ ધ્યાન આપી રહી હતી. આ રીતે જાપાન ચારે દિશાઓથી સુધારા, ઉન્નતિ, કેળવણી, વ્યાપાર, ઉદ્યોગ, હુન્નર ને રાજસત્તાના વધારામાં દરકદમ આશ્ચર્યકારક રીતે આગળ વધતું જતું હતું. ( અપૂર્ણ. )

# કુરાનમાં અદત્તા દાન.

### તોબતન્નસુઆ.

અદત્ત ( આપવા સિવાય કોઇ વસ્તુ લેવી તે ) નહિ લેવા સંબંધમાં આપણા ધર્મશાસ્ત્રોમાં જે તત્વો પ્રતિપાદન કર્યા છે તેનેજ મળતાં તત્ત્વો અન્ય ધર્મોમાં–પણ કેટલે દરજ્જે પ્રતિપાદન કર્યા છે તે બતાવવાના હેતુથી આ નાનો લેખ અમારા વાચકોને સાદર કરવા યોગ્ય વિચાર્યું છે. કુરાન એ મુસલમાનોનો આદરપાત્ર–પૂજ્ય અને મહાન ગ્રંથ ગણાય છે. જેનાં કથન તે કોમના લોકો–વીર વાક્ય, વેદ વાક્ય કે પ્રભુ વાક્ય પ્રમાણે ગણે છે. તેમાં નીચે પ્રમાણેની એક બીના સાદર છે. તે વાંચવાથી સમજાશે કે જૈનેતર–કોમો પણ અદત્તાદાનને કેટલું મહત્વ આપે છે. આ બાબત 'તોબતન્નસુઆ' નામના ફારસી ગ્રંથમાંથી ઉતારી લીધી છે. કદાચ કંઇ પાઠફેર માલુમ પડે તો–વધુ સત્ય બીના જણાવનારનો આભાર થશે.

—સંપાદક.

પૂર્વકાળમાં **નસુઆ** નામનો એક અધમ મનુષ્ય નિવસતો હતો. તેનો નિત્ય વ્યવસાય માત્ર એકજ હતો ને તે એજ કે મુસલમાન લોકોમાં મૃત્યુ પામી કબરમાં દાટેલાં પ્રેત પરનાં **કફન** તે દાટેલાં પ્રેતને ખોદી કહાડી ઉતારી લઇને વેચવાં અને તે વડે પોતાનું ગુજરાન ચલાવવું. આ બીના જગજાહેર હતી, ને ઘણાઓની આનાકાની છતાં પણ—ઘણીજ હરકતો છતાં પણ તેનો આ ચરકો તે છોડતો નહિ ને આ વ્યવસાયમાં તે નિત્ય મચ્યોજ રહેતો. હમેશાં તે મોડી રાત્રે પોતાની ખાંધે મોટો કોદાળો—પાવડો મુકી કબ્રસ્તાનમાં નિરંકુશ રીતે—નિડરપણે ચાલ્યો જતો. જે જગ્યાએ મધ્ય રાત્રીએ જતાં ભલા ભલા વીર પુરૂષોનાં હાઝાં ગગડી જાય તે જગ્યાએ તે મોજથી ચાલ્યો જતો, નિરાંતે દિવસે દાટેલાં પ્રેતની પેટીઓ ખોદી કહાડતો, ને તે પ્રેત પરના સાધારણ અગર કીમતી વસ્ત્રો ( કફન ) ઉતારી લેતો. આ પિશાચ કર્મ પૂર્ણ કરીને પોતાને ઘેર જતો ને તે કફન વેચી ઉદરપોષણ કરતો.

આ વ્યવસાય ચાલુ હતો તે દરમ્યાન એક મહાન શહેનશાહજાદી કે જેણી નસુઆનાના આ વ્યવસાયથી જાણીતી હતી તેને વિચાર આવ્યો કે જ્યારે હું મરી જઇશ ત્યારે જરૂર નસુઆ મારાં કફન ઉતારી લેશે ને મ્હારી એબ—આબરૂ જોશે, તેમ ન થાય માટે શું કરવું?

ઘણો વિચાર કર્યા બાદ, તેણે તે ઘેર ખોદનાર નસુઆને પોતાની પાસે બોલાવ્યો ને ઘણીજ શિખામણ આપવા બાદ તેને કહ્યું કે જો તું મ્હારા મૃત્યુબાદ મ્હારૂં કફન ન લે ને મ્હારી એબ ન જુવે તો હું તને ન્યાલ કરી નાખું ?

થોડો વિચાર કર્યા બાદ નસુઆએ તેની વાત મંજુર કરી ને શહેનશાહજાદી પાસેથી તેની આખી ઉમ્મર પણ ન ખુટે તેટલી લક્ષ્મી આપી, ને નિશ્ચિંત થઇ કે હવે મ્હારી એબ સચવાશે.

અમુક વખતે તે પવિત્ર—ધાર્મિક ને પાક શાહેનશાહ જાદી મૃત્યુ પ્રાપ્ત થઇ, ને તેના પ્રેતને ઘણાજ મૂલ્યવાન કફનથી મઢી નાખીં, કીમતી પેટીમાં મુકી ભૂમિદાહ કરી.

જ્યારે નસુઆએ શાહજાદીની નિધન વાર્તા માલુમ પડી ત્યારે તે વિચારવા લાગ્યો કે શાહજાદી મરી ગઇ ત્યારે તેની અસલ વૃત્તિઓ ઉશ્કેરાઇ આવી ને પોતાનું મૂળ કર્મ કરવા તેને મન થઈ આવ્યું. પોતાનું આપેલું વચન ત્યાગ કરી તેણે રાત્રે પોતાના કોદાળા પાવડા સાથે શાહજાદીની કબર તરફ ચાલવા માંડયું. ત્યાં જઇ કબર ફોડી—કફનમાં વીંટાળેલું પ્રેત કાઢવા પેટીમાં ડોકું ખોસી જુવે તો તેણે શું આશ્ચર્યકારક દૃશ્ય જોયું ?

તે પેટીમાં શાહજાદી પ્રસન્ન વદનથી—બેઉ બાજુએ ઝગઝગાટ બળતા ઘીના દીવાઓ વચ્ચે બેઠી બેઠી કુરાન પઢી રહી છે પણ તેના હોઠ પર એક મોટો સાપ લટકી રહ્યો હતો. જેવું નસુઆએ ડોકું ખોસ્યું કે તુરત તેણે ઉંચું જોયું ને સ્મિત વદનથી બોલીઃ "નસુઆ! ભલા માણસ ! તને આટલી બધી ધનદોલત આપવા છતાં પણ શું તું ન ધરાયો કે છેવટે પણ હેં મ્હારી આબરૂ અને કફન પર હાથ નાખ્યો ? બેવફા ! લ્યાનત હો ત્હારા પર !"

આ વજ્ર વચન સાંભળી નસુઆ શરમાઇ ગયો, અને અધોવદન કરી ઉભો ! શું કરે ! તેણે પોતે પોતાની પ્રતિજ્ઞાને સર્વસ્વ ગુમાવ્યું હતું. તે બે હાથે અદબ વાળી બોલ્યો: "ગુનાહ માફ ! બાન. માફ ! લ્યાનત હો મુજ પર !" તે નીચું જોઇ ઉભો.

રૂપાની ઘંટડી જેવા મૃદુ–મીઠા અવાજે શાહજાદી ફરી હસતાં હસતાં બોલી:–બિરાદર! નસુઆ ! તને માફ છે. પણ મ્હારૂં એક કામ કરશે કે ? તો તારો ગુનોહ હું ને મ્હારો ખુદા બેઉ માફ કરીશું."

"બાનુ હું હવે તમારો વેચાણ બંદો (ગુલામ) છું. તમે ફરમાવશો તે હુકમ બજાવવા બશરોચસ્મથી તૈયાર છું. ફરમાવો–બાનું ફરમાવો. અબઘડી બજાવીશ."

"તો તો બિરાદર, હમણાંજ જા. ને મ્હારા મહેલની નીચેની ઝુંપડીમાં રહેતી મ્હારી બાંદી–ગુલામડી કે જે હમારા ઘરનાજ અન્નપાણી પર જીવતી ને મારી ચાકરી કરતી. તેની ઝુંપડી નીચે ઉભા રહી એક દિવસ મેં અજાણે એક સળી તેના છાપરામાંથી તોડી દાંત ખોતર્યો હતો. તે સળી લેવાની પરવાનગી મેં તેની પાસે લીધેલી નહિ. આ વગર આપ્યે લીધેલી પારકી સળી મેં વાપરી ફેંકી દીધી પણ તે પાપને લીધે મ્હારા આ અપૂર્વ સુખમાં આ સાપ મ્હારે હોઠે લટકી રહ્યો છે ને દુઃખ દે છે. સળી લઇ કરેલું દેવું–સાપના ડંશ ખમી પતવવું પડે છે. તો જરા તે ડોસીને આ મ્હારી હકીકત નિવેદન કર ને મારા તરફથી તેને કહે કે મારો તે ગુનોહ માફ કરે તો આ સર્પના દુઃખથી હું મુક્ત બનીશ."

એક પાળેલા કુતરા મિશાલે તે દોડ્યો, ને તે ડોસીને ત્યાં પહોંચ્યો. તેણે જઇ જોયું તો તે ડોસી–પોતાની વહાલી શાહજાદીના મૃત્યુને માટે રોકકળ કર્યા કરતી હતી. તેને જ્યારે નસુઆએ આ સંદેશો કહ્યો ત્યારે ડોસી બોલી–"અરે ભાઈ, તે મારી લાડકી માટે તો હું મરવા તૈયાર છું તો એક સળીની માફીની તો વાતજ શી ? જા માફી આપી છે."

માફી મેળવી કબ્રસ્તાનમાં જઈ પેટીમાં જુવે છે તો શાહજાદી સર્પની બલાથી મુક્ત થઈ નિરાંતે કુરાન વાંચ્યા કરે છે, ને તેના મુખપર મધુર સ્મિત વિલસી રહ્યું છે.

છેવટે શાહજાદીએ નસુઆને કહ્યું કે "નસુઆ ! વગર માગ્યે લીધેલી એક સળીથી આ કષ્ટ ભોગવવું પડયું તો તું હમેશાં જે કફનોને એબો–આબરૂ લુટી લે છે તેનો શું બદલો તને મળશે ?"

આટલું બોલી શાહજાદી કુરાન વાંચવામાં લીન થઈ ગઈ, ને નસુઆ વિચાર કરતો કરતો ચાલ્યો ચાલ્યો કબ્રસ્તાનના મધ્ય ભાગમાં આવી ઉભો. ને વિચારવા લાગ્યો કે, અરેરે ! માત્ર એક સળી ધણીની આજ્ઞા શિવાય લેવાથી આવી પવિત્ર બાનુને સાપનું દુઃખ ભોગવવું પડયું તો હજારો કફન વગર રજાએ આવી પાપ દ્રષ્ટિથી લૂટી લેનાર હું અધમની શું દશા થશે ? તોબા, તોબા, તોબા, ખુદા માફ કર. તે પછી તેણે ઘણી ઘણી તોબાહ પોકારી–પરમેશ્વર પાસે પોતાના ગુનાહની માફ માગી પુનઃ અદત્તાદાન–કદી પણ નહિ લેવા પ્રતિજ્ઞા કરી પોતાના સ્થાનમાં આવી ઉપસ્થિત થયો.

તેણે જે તોબાહ પોકારી–માફ માગી તે પરથી 'તોબતનસુઆ' નામનો ગ્રંથ લખવામાં આવ્યો છે. તે કુરાનમાં સ્થળે સ્થળે આવતો **તોબા** શબ્દ તે તેનાજ શબ્દો ઉપરથી લખાયો છે. છેવટની નસુઆની જીંદગી સુધરી ગઈ. ને પવિત્ર બની ગયો.

ઉપરનું અદત્તાદાનનું દ્રષ્ટાંત અમારા જૈન બાંધવોને સારો બોધ આપી શકશે એમ પ્રચ્છી રીરમું છું.

# હાફીઝ.

જગતમાંના મહાન કવિઓમાંનો એક મહાન કવિ હાફીઝ કે જેનું ચરિત્ર જાણવા યોગ્ય અને મનન કરવા યોગ્ય છે. તે મહાન કવિ ઇરાનમાં આવેલા શીરાઝ શહેરમાં જન્મ્યો હતો. મુસલમાન પંથના સુફી મતને માનનારો હતો. હેની કવિતાઓ ફારસી ભાષામાં શ્રેષ્ઠ પદને પામેલી છે, ને ઇરાનમાં ને બીજે સ્થળે આનંદથી ગવાય છે. હેની કવિતાઓમાંની કેટલીકનું ગુજરાતીમાં ભાષાંતર બાલાશંકર ઉલ્લાસરામ કંથારીઆકરે બહુજ ઉત્તમ રીતથી ઉચ્ચ શૈલીમાં કરેલું છે, ને જીવનચરિત્ર પણ હેમનેજ ફારસી ઉપરથી લખેલું છે. કવિ મુસલમાન ધર્મ માનનાર હતો છતાં તત્વજ્ઞાની હતો. પાછળના સંસ્કારો પ્રમાણે શમ, દમ, ઉપરથી વૈરાગ્ય, ઇત્યાદિનાં બોધમય કાવ્યોથી ને પોતાના ધર્મના ઇશ્વરી ભક્તિમય, અલંકારીક શબ્દોથી, ભક્તિથી ઉછળતા હૃદયના શબ્દોચ્ચારથી, વિચારથી અને નિખાલસ પ્યારથી બનાવેલા કાવ્યોથી પૂજ્ય હતો ને એવા મહાન કવિ માટે આપણે કાંઇક જાણીએ તો તે અયોગ્ય નહિ કહેવાય. આપણે ફક્ત ગુણગ્રાહીજ થઇશું.

સૃષ્ટિ સૌન્દર્યથી સુશોભિત અને વખણાયેલા ઇરાનના શીરાઝ શહેરમાં મહાન કવિ હાફીઝ ઇ. સ. ૧૩૦૧ માં જન્મ્યો હતો. તેનું નામ મહમદ શમ્સુદ્દીન શીરાઝી હતું. તે સુફી મતને માનનારો હતો. શરીરે ખુબસુરત હતો તેથી તેનામાં ઇશ્વરદત્ત સારસ્વત સૌન્દર્ય વિશેષ હતું. કવિતાનો અંશ એનામાં ન્હાનપણથીજ હતો. એ લોકોમાં કુરાન જેને મુખાગ્રહ હોય તે હાફીઝ કહેવાય છે. પીરસબ્ઝની ચમત્કારીક જગ્યાની મુલાકાતના ચાળીસ દિવસમાં એણે આખું કુરાન મુખાગ્રહ કર્યું અને જે આપણા કવિઓ કવિતાના છેડે પોતાનું નામ રાખે છે તેમ આને પણ પોતાનું ટુંકું નામ હાફીઝ જોડવા માંડ્યું. ઇરાનનો તે વખતનો છેલ્લો કવિ શેખશાદી જે હિંદુસ્તાનમાં પણ જાણીતો છે તેના મૃત્યુ પછી દશ વર્ષે આ મહાન કવિ હાફીઝ શીરાઝી જન્મ્યો.

યુવાવસ્થામાં તે ઘણોજ ઉન્મત, મોજશોખમાં મશગુલ, ઉડાઉ, મીજાજી, સ્વતંત્ર વિચારનો, તુરંગી અને દુનિયાની રીતિ નીતિથી બેદરકાર હતો. એજ યુવાવસ્થામાં તે શીરાઝમાંના એક અમીર કુટુમ્બમાં જન્મેલી શાખે નિબાત (શેરડીના રસવાળી–રસીક) નામની સૌન્દર્યવતી કન્યા ઉપર મોહિત થયો હતો કે જેના ઉપર તે વખતના ઇરાનના મુઝાફર વંશનો રાજ્યકુમાર પણ મોહ્યો હતો. બન્ને જબરા હરીફ હતા. બન્ને આશકો વચ્ચે ઘણીજ સ્પર્ધા ચાલતી હતી. ફતેહ છેવટ કવિનેજ મળી હતી.

હાફીઝના સાંભળવામાં આવ્યું કે શીરાઝથી થોડે દુર "પીર સબ્ઝ"ની ચમત્કારીક જગ્યા છે, ત્યાં ચાળીસ દિવસ રાત્રે નિદ્રા કર્યા સિવાય રાત્ર–દિવસ કુરાનનું પરાયણ જરા પણ બંધ કર્યા સિવાય કરે તો તેની ધારેલી કામના પૂર્ણ થાય. યુવાવસ્થાના, ઉન્મત કવિ તરીકેના મગજના, અને પ્રેમથી ઘવાયેલા અંતઃકરણના ધર્મ પ્રમાણે હાફીઝને શાખેનિબાતના પ્રેમ અને પ્રાપ્તિ સિવાય શી ઇચ્છા હોય? પ્રેમઘેલા કવિને અનુષ્ઠાન માંડતાં વાર શી? બગલમાં કુરાન લઇ "પીર સબ્ઝ" જઇ બેઠા, ને પીર સબ્ઝ સમક્ષ બરોબર ચાળીસ દિવસ કુરાન પરાયણ કર્યું. બરોબર ચાળીસમે દિવસે સ્હવારમાં ફરેસ્તા (દેવદુત) ખીજર એક અમૃતનો પ્યાલો લઇ વૃદ્ધ વેશે આવી ઉભો, હાફીઝને તે પાયો, અને કવિતાનો ...

સંસ્કાર કરી કહ્યું "ત્હારી મનકામના સંપૂર્ણ થશે," અંતે શ્રદ્ધાવાન હાફીઝની શ્રદ્ધા ફળીભુત થઇ.

યુવાન હાફીઝ ચાળીસમે દિવસે ઘેર આવવા નીકળ્યો. રસ્તામાં પોતાની પ્રિયતમાના ઘર આગળથી પસાર થયો. શાખેનિબાત એના સૌન્દર્ય અને કાવ્યશક્તિ ઉપર મોહિત તો થએલીજ હતી ! જેવો હાફીઝ તેનું મકાન પસાર કરે છે કે તુરતજ મોહઘેલી માનુનીએ હાફીઝને બોલાવ્યો, અને પ્યારથી ઉભરાતા હૃદયથી આંખોમાં હર્ષાશ્રુ સહીત ગળગળીત શબ્દે પોતાનો પ્યાર હાફીઝના વીશાળ હૃદયમાં રેડયો. તે ગદગદીત કંઠે બોલીઃ વ્હાલા હાફીઝ ! હું જાણું છું કે સુજાફર મ્હારા ઉપર આશક છે. મ્હારા અને ત્હારા માટે કાવાદાવા કરે છે પણ ઓ પ્યારા હાફીઝ ! હું રાજા કરતાં કવિરાજને વધારે ચાહું છું, અને હું હવેથી ત્હારી જ છું." અપ્રાપ્ય પ્રિયજનના મુખમાંથી ઝરતા આ ફુલના વરસાદથી હાફીઝ હર્ષઘેલો થઇ ગયો. ઇશ્વરી લીલાની, પીરરબજ ઉપરની શ્રદ્ધાની, હદ રહી નહિ.

ચાળીસ દિવસની ઇશ્વરભક્તિ, કુરાનના વારંવારના પ્રયોગ અને અધ્યયનથી હાફીઝના મન ઉપર જુદીજ અસર થઇ ગઇ. ઇશ્વર ઉપરની શ્રદ્ધા બીજના ચંદ્રની માફક વૃદ્ધિ થવા લાગી, અને તત્વજ્ઞાનના તરંગોમાં હમેશાં વધારે વધારે તણાવા લાગ્યો, અને પોતાની કવિતાઓએ છાયારસ પુરીત શબ્દોમાં વારંવાર લાવવા લાગ્યો. હૃદયના પડછાયાની છાપ બહાર પડે છે એ સિદ્ધ કર્યું.

શાખેનિબાત સાથેનો સંબંધ દૃઢ થવા લાગ્યો. રાત્રિ દિવસ એની સોબતમાંજ રહેવા લાગ્યો. એના સહવાસમાં, એકાંત વાસમાં, તત્વજ્ઞાનના વિચારોથી, અને કાવ્ય રચના કરવામાં ગુંથાએલો રહેવાથી એનું મન કેવળ સંતોષી, આનંદી, અચળ થયું. પ્રેમનું બંધારણ કેવું છે. પ્રેમના ધા કેટલા ઉંડા છે તેના પ્રત્યક્ષ અનુભવથી મન નિર્મળ થતાં, વિચાર અને વિવેકનો સંયોગ થતાં હાફીઝ એક મહાત્મા થઇ ગયો. તેની કવિતા દિનપ્રતિદિન એટલી ઉચ્ચતાને પામી કે એના વખતમાં એના જેવો બીજો ફારસી કવિ આખા ઇરાનમાં નહોતો. એની કવિતા ઉપર આખું ઇરાન ફીદા ફીદા હતું.

શાખેનિબાત સાથેના પોતાના પ્રેમના હરીફ મુઝાફર ઉપર ત્હેને કદી પણ દ્વેષની છાયા સરખી પણ ફેરવી નથી. મુઝાફરે પણ પાછળથી ત્હેની મહત્તા જોઇ પોતાનો દ્વેષ કાઢી નાંખ્યો હતો એટલુંજ નહિ પણ તત્ત્વજ્ઞાન સંબંધીના મંડળીનો હાફીઝને અધ્યક્ષ બનાવ્યો હતો.

હાફીઝ સ્વદેશનો અનુરક્ત હતો. તેની ખ્યાતિથી હિન્દુસ્તાનના દક્ષીણના બ્રાહ્મણી વંશના મુસલમાન રાજા મહમ્મદશાહે એનાં દર્શન કરવા, એની રસીક કવિતાઓ શ્રવણ કરવા પોતાના દરબારી અમલદારોને માન અકરામના માણસો સાથે હાફીઝને તેડવા ઇરાન મોકલ્યા. પ્રારબ્ધાનુસાર હાફીઝ ત્યાંથી નીકળ્યો. તેને લઇ બધા હિન્દુસ્તાન કીનારે આવ્યા, પણ તરતજ પોતાની સ્વદેશ ભૂમિ, પોતાની વ્હાલી પ્રિયતમા, અને પોતાના પ્રિય મિત્રોનું સ્મરણ થતાં, ત્હેમના વિયોગથી એના મન ઉપર એટલી બધી અસર થઇ ગઇ કે અમલદારોના સમજાવ્યા છતાં, મ્હોટી મ્હોટી લાલચો, ઇનામના આશાઓ આપ્યા છતાં, ફક્ત એકજ દિવસ બાદશાહની મુલાકાત લીધા પછી તુરતજ વિદાય કરીશું, એવું કહ્યા છતાં એ બધાની દરકાર કર્યા સિવાય સ્વતંત્ર મીજાજી તુરંગી હાફીઝ ત્યાંથીજ પોતાના સ્વદેશ પાછો ફર્યો. શાખેનિબાતનો વિરહ ત્હેને અસહ્ય હતો તે છેવટ મરતાં સુધી પોતાના દેશમાં,

પોતાના પ્રિય મિત્રો, અને પ્રિય પ્રિયતમા સાથે રહ્યો. તે ઇ. સ. ૧૩૮૯–૯૧ માં પોતાની ૮૮–૯૦ વર્ષની ઉમરે સ્વર્ગવાસી થયો.

હાફીઝની કવિતાઓએ ફારસી કાવ્યો ઉપર સારી અસર કરી છે. એની ઉદારતા ઘણીજ વખણાએલી છે એટલુંજ નહિ પણ એ ઉદારતાની છાપ સ્વતઃ તેની કવિતામાં વ્યક્તિભૂત થાય છે. દયા, સન્તોષ અને નિર્મોહ, ઉચ્ચ પ્રેમ, જન્મભૂમીની સ્પૃહા એના અંતઃકરણમાં તેમજ એના કાવ્યોમાં મુખ્ય વિજયધ્વજ છે. કોઈ વખતે સ્વચ્છંદી, શૃંગારી, આનંદમાં મસ્ત થઇ ગએલો એને દેખીએ છીએ તો કોઇ વખતે વૈરાગ્ય અને તત્વજ્ઞાનની મૂર્તિરૂપ લેખીએ છીએ.

એના કાવ્યોમાં માધુર્ય અને ભાષાની છટા એકલી ફારસીમાંજ નહિ, પરન્તુ દુનિયાની સર્વ ભાષાઓમાં શ્રેષ્ટ સિદ્ધ થઈ છે, અને કવિઓએ તો અવસ્ય અભ્યાસ કરી અનુકરણ કરવા યોગ્ય છે. બીજા કવિઓમાં કાવ્યશક્તિ સારી જોવામાં આવે છે, પરન્તુ હાફીઝની કાવતામાં એક જુદોજ ચમત્કાર જણાઈ આવે છે એની કવિતામાં એના શુદ્ધ અંતઃકરણની છાપ જાણે આપણે પ્રત્યક્ષ હાફીઝને દેખતા હોઇએ તેમ પોતાની મૂર્તિરૂપે દેખાય છે. તેમજ એના કાવ્યોમાં શબ્દની અર્થ સંબંધે યોગ્ય વૃત્તિ, ભાષા પ્રમાણે વિચારની ઉચ્ચતા અને મહતા, વર્ણનીય વિષયની પંક્તિએ પંક્તિમાં યોગ્યતા અને વિચારની સ્ફુરણાતા, કુદરતના વર્ણનોમાં કેવળ જાભકતો તાદશ ચિતાર, કાવ્યની અસર ઉપજાવનારી શક્તિ, હેતુ, કલ્પના અને તરંગનું પ્રાબલ્ય વારંવાર દ્રષ્ટિગોચર થાય છે.

ઐહિક મોહ, મમતામય પ્રેમ, અને ભક્તિથી ઉછાળા મારતા પ્રેમ અને તે પણ હાફીઝ જેવા કવિના હાથે ચિતરાય ત્યારે બન્ને વચ્ચે સ્પષ્ટતા કરનારૂં અંતર ખોળવું મુશ્કેલ છે. ઇશ્વરાર્પિત પ્રેમ અને સંસારમાં થતા પ્રેમમાં ભાવના એજ સબળ છે. તત્વજ્ઞાનનો શાસ્ત્રીય બોધ કરવાની ભાષા અને તેજ વિષય કાવ્યરૂપમાં કવિને હાથે ગોઠવાય તો ભાષામાં ઘણો તફાવત ઉપરથી દર્શાઈ આવે છે પરન્તુ તત્વમાં તો એકજ હોય છે તેથી શબ્દ, સંદર્ભ, ભાવના, અને અંતઃકરણના ઉદ્દ્ગાર તો બન્ને પક્ષમાં એકજ વપરાય છે. વાંચનારની ભાવના નિરોધરૂપ યા સરૂપ હોય તે પ્રમાણે વિષયની ઘટના કરી લેવી જોઇએ કારણ કે આવાં કાવ્યો આપણામાં, તેમજ વૈષ્ણવ સંપ્રદાયના ગીતોમાં ઘણાં જોવામાં આવે છે. હાફીઝનાં કાવ્યો પણ બ્હારથી શૃંગારમય અને અંદરથી તત્વજ્ઞાનથી ભરપુર છે.

હાફીઝને દેશમાં ઇરાન, શહેરમાં શીરાઝ, નદીઓમાં રૂકનાબાદ, સ્થળમાં મુસલ્લાનો માંડવો, સોબતિમાં શાખેનિબાત, વિચારમાં તત્વજ્ઞાન, વિહારમાં મદીરા (પ્રેમભક્તિ), ધનમાં સન્તોષ, કાળક્ષેપમાં કાવ્યસેવા એજ મુખ્ય હતાં. તે એના કાવ્યો ઉપરથી આપણે જાણીશું. હાફીઝના ઘણા શીષ્યો થયા હતા તેઓ બધા તત્વજ્ઞાની હતા એમ કહેવાય છે. ફારસી ભાષાના ગ્રંથનું મૂળ ગ્રંથ કર્તાના વિચાર પ્રમાણેજ તેના હૃદય રંગને ઓળખીનેજ જે ભાષાંતર થયું છે ત્હેને માટે આપણે મર્હુમ કવિ બાલાશંકર ઉલ્લાસરામ કંથારીઆનો આભાર માનીશું કે જેમની મહેનતથી આપણને મહાન કવિની કાંઇક પ્રસાદી મળી છે.

**કલ્યાણચંદ કેશવલાલ ઝવેરી. વડોદરા.**

# काव्य कुंज.

## पारमार्थिक जीवन.*

(૧) સરીતા તણાં જળ નિર્મળાં વ્હેતાં સદા ! શાને ?
પરમાર્થ કરવાને :
(૨) પરિપક્વ થઇ મધુરાં ફળો ઢળતાં લચ્યાં શાને ?
ક્ષુધા શમવવાને :
(૩) હળવી, મીઠી પરિમલ સિંચે પુષ્પો ખીલી શાને ?
આનન્દ દેવાને :
(૪) ઉભાં ઘટા છાઈ અખંડ તરૂ સખા ! શાને ?
પરહિત કરવાને :
(૫) સ્વર્ગીય નાદ સુણાવતી કૂહે કોકીલા શાને ?
રસિયાં રીઝવવાને :
(૬) નિર્દોશ ટહુકી પંખીડાં કલ્લોલતાં શાને ?
શાન્તિ અરપવાને :
(૭) આ વ્યોમચન્દરવે ઝળકતા તારલા શાને ?
નર નેત્ર પૂરવાને :
(૮) ખીણો ઉંડી દે વિશ્વને કંચન સખા ! શાને ?
જન ભીડ હરવાને :
(૯) સાધી સમાધિ ઝરાવતા ઝરણાં ગિરિ શાને ?
તૃષા છીપવવાને :
(૧૦) ઓજસ પૂરે રજની વિષે શશધરકળા શાને ?
અમીમાં ડુબાવાને :
(૧૧) અજવાળતો અવની, તપી માર્તંડ કૂહે ! શાને ?
જીવન જગવવાને :
(૧૨) વરસે હવા, ઘન, વાયુ, અગ્નિ, ધૂપ : સૌ શાને ?
પરમાર્થ કરવાને :
(૧૩) પરમાર્થમય જીવન દીઠું નિજ વસ્તુના જ્ઞાને ?
હું જીવું શા બ્હાને :
(૧૪) શું વ્યર્થ સ્વાર્થે જીવવૂં ? નિસ્વાર્થી નહિ શાને ?
દીનતા, દયા, દાને :

—કેશવ હ. શેઠ.

* રા. મૂળજી વેદ કૃત Philosophy of the Benevolence નામના કાવ્યનું છાયા ચિત્ર.

## અંતરાત્મ નગર.

( રામ લક્ષ્મણ વનમાં સિધાવતા—રાગ. )

હે જી ! નિઃસ્પૃહ દેશ સોહામણો !
રૂડા નિર્ભય નગર મોઝાર !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૧

હે જી ! નિર્મળ મન મંત્રી વડો !
જ્ઞાન રાજા તો ઝાકમઝાળ !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૨

હે જી ! સંતોષ ચોક છે ચાંદની !
સાધુ સંગત પોળ અસરાળ !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૩

હે જી ! પોળીયો વિવેક સુજાગતો !
સત્શાસ્ત્રની બાંધી છે પાળ !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૪

હે જી ! મિત્ર વૈરાગ્ય ન વિછડે[૧] !
પ્રભુ શ્રદ્ધા ધરી ઉજમાળ !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૫

હે જી ! આત્મ સ્વરૂપ સુરતા સદા !
થાય અંતર ક્રિડા સદાય !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૬

હે જી ! ભાવના ભવ્ય નદિ વહે !
શમતા જળ પારાવાર !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૭

હે જી ! દાન દયા કુંડે ગહે ભર્યો !
વાયુ શક્તિ પ્રભુતા અપાર !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૮

એવી અંતર નગરી સોહામણી !
નહિ ભરવા ઉન્યાળા કદાય !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૯

નવ નાશ દુકાળ કરાળ છે !
અતિ વૃષ્ટિ અનાવૃષ્ટિ ભાર !
મ્હારો સ્વામી ત્યહાં વસે ! ૧૦

એવા નિર્ભય અંતર દેશમાં !
કરે આત્મા અનેરા વિહાર !
મ્હારો સ્વામી ત્યહાં વસે. ૧૧

મોક્ષા જ્ઞાન હિંચોળે હિંચતા !
પામે અલક્ષ અગોચર રાજ્ય !
મ્હારો સ્વામી ત્યાં વસે. ૧૨

---

૧ દુર ન થાય !

## मानव हंस-प्रबोधन.

સુરખ લોક તે શું જાણે મારા દીલનીરે—એ રાગ.

માનવ હંસ! ઉડી જાશો ક્યા સ્થાનમાં રે,
*તેનો ખ્યાલ જરા લાજ કરો કાં ન ધરો ધ્યાન;*
માનવ હંસ! ઉડી. ૧

વિના સાર આ અસાર પથીકાશ્રમે રે,
આવી શ્રેન મધ્ય રેન મોહ ફેરી છે નિદાન;
માનવ હંસ! ઉડી. ૨

મધ્ય રાન છે નજાન વિકટ પંથનું રે,
કામ, ક્રોધ, મોહ, મગર રહે દૂર ભરપૂર;
માનવ હંસ! ઉડી. ૩

જરા જો વિચારી કોણ તેમાં ત્હારૂં રે,
વિના સાથ કેમ થાય ના જવાય જ્યાં નિશાન;
માનવ હંસ! ઉડી. ૪

જેવા આસનો ઉલ્હાસ ખાસ ઉરમાં રે,
સંત તણો ગ્રહો હાથ **અજીતાબ્ધિ** કહે જરૂર;
માનવ હંસ! ઉડી. ૫

---

## तो शुं?

### કવ્વાલી.

અગાડે આખરે મૃત્યુ, સુયત્નોમાં થયું તો શું?
પ્રયત્નોમાં બધું આયુષ્ય, જો વીતી ગયું તો શું?
કરીને સ્વપ્નનું મર્દન, ચઢાવી ચેતના ચંદન;
સુધારો મોક્ષનું સાધન, બીજું કાંઈ ના ચહ્યું તો શું?
થયા છો ખાખથી પેદા, થવાના ખાખમાં ભેગા.
ઉગ્યું જે પાંદડું આજે, સવારે તે ખર્યું તો શું?
લખ્યું છે જન્મથી મૃત્યુ, થયું જે પ્રાપ્ત તે વિત્યું;
બળ્યું રૂ જે હતું કાત્યું, સુધાર્યું તો સર્યું તે શું?
કુહાડો કાળનો ક્રુરો, કરે છે સર્વનો ચૂરો,
પછી નીજ કર્મને કરતાં, પાપીએ જીવન હર્યું તો શું?
ગરજતી મેઘની ઝાડી, તુટે જયમ ફુટતી ધાણી;
ચડ્યાં જે ઉતરે પાણી, કદી આજે વળ્યાં તો શું?
પ્રલયની આગ ફુંકે છે, બળીને ઝાડ ઝુકે છે;
બગીચા સર્વે સૂકે છે, પછી છેલ્લું દહ્યું તો શું?
બળે પેદા થવા માટે, મરે છે જન્મવા માટે;
મરીશું જીવવા માટે, પછી આ તન ગયું તો શું?

—*Kesseri.*

## जैनने !

પ્યારા ! વીર ! જગાડો મમ ભ્રાતને રે લોલ !
જૈનનો પ્રકાશ થાય અસ્ત જો;
વ્હાલા ! વીર ! જગાડો મમ ભ્રાતને રે લોલ !
આશાનો જડેલ મારો માંડવો રે લોલ,
ખુલ્યો સૌભાગ્ય કેરી વેલ્ય જો;
વ્હાલા ! વીર ! બચાવો મમ ભ્રાતને રે લોલ !
પાળો દેરનો બાળાશ્રમો રે લોલ,
આપે કોલસો જ રત્નનું તેજ જો;
વ્હાલા ! વીર ! બચાવો મમ ભ્રાતને રે લોલ !
અનાથોને ચઢાવો સારી પાયરીએ લોલ !
ઉદય છે એમ જૈન જ જાણજો;
વ્હાલા ! વીર ! જગાડો મમ ભ્રાતને રે લોલ !
જ્ઞાનશું કરો વ્યય વિત્તનો રે લોલ,
જેથી હસશે દીન બાળ ઉંડા હાસ્ય જો;
વ્હાલા ! વીર ! જગાડો મમ ભ્રાતને રે લોલ !
વૃત્તિ પ્રગટાવો તમ કોમમાં રે લોલ,
સમજો વિદ્યા વિના સર્વ અંધ જો;
વ્હાલા ! વીર ! જગાડો મમ ભ્રાતને રે લોલ !

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમનો હિતેચ્છુ
**એક જૈન બાળ–સાદરા.**

---

# Brahmcharis Bhajan-Yoga.

**An easy way to physical & mental well-being**

I........................solemnly take a vow that:-

(1) I shall marry after 20.
(2) I shall avoid man-made mixture in food and drink.
(3) I shall take cold bath before sunrise and sun bath after it.
(4) I shall dress myself in white and simple clothes.
(5) I shall devote my life to the revival of one of the following arts;
  (1) Agriculture, gardening (2) Hand-loom weaving (3) music (4) Aryan medicine.
(6) I shall revere my parents and read religious books to them for one hour.
(7) I shall love Labour and be ready for any social service.

—*P. S. Doshi*, B.A.

# પ્રેમઘેલા પ્રવાસીનું પવિત્ર જીવન.

(ગતાંક પૃષ્ટ ૫૮ થી ચાલુ.)

**સાકી**એ પછી ખુલાસાવાર પોતાની બધી હકીકત કહેવા માંડીઃ "સુનો જહાંપનાહ, જે નાજની પર આપ દિલોજાનીથી આફરીન છો ત્હેણે બંદાને છેક બચપણથીજ ગુલામ કરી લીધો છે. ગુલામ ત્હેની પાછળ ફકીર ને પછી દિવાનો થયો છે. **સેલીમા**ના પિદરની દેખરેખ હેઠળ અમે સમજુ થયાં હતાં. એની અમ્મા આજ હયાત હતે તો સેવક આજ ત્હેનો હાથ મેળવવાને ભાગ્યશાળી બન્યો હતે. બાદશાહ, આજ પાંચ વરસ થયાં સેલીમા આપના હારમમાં છે. દરમ્યાન ત્હેના દીદારનો દિવાનો દિનરાત તડફડયા કરતો. માલેક કીસ્મત સુઝાડી અને આખરે બાંદીના લીબાસમાં રંગમહેલમાં પગ મેળવ્યો. હું કોણ છું, ત્હેનો ખ્યાલે ભોળી **સેલીમા**ને નહિ હોય. તે બિચારી મ્હને ત્હેના જેવી એક ઓરતજ સમજે છે. દિવસને વખતે હું ત્હેની હાજરીમાં રહેતો નહિ, અને મ્હોં હમેશ છૂપાવ્યું રાખતો એટલે તે બિચારી શાની ઓળખી શકે?

બચપણમાં તે મ્હને ઘણું ચ્હાતી. એને મેળવી હું સુખી થાઇશ. એક મ્હારૂં ઇલાયદું ન્હાનું બેહસ્ત ઉઠાવીશ, એવા કંઇ કંઇ આશાના ઝાંઝવા જોતો. બધી આશા હવે તૂટી પડી. ગરીબની દોલત આપે છીનવી લીધી. અંદરનો જુસ્સો આજ લગી દાબી રહ્યો હતો. પણ યા અલ્લાહ! બરફ સુફેદીની ઓઢી નાંખે તેવો આ ઝળહળતી ચાંદનીનો પ્રકાશ, ખુશબોથી મ્હેંકી રહેતા આ ફુલના ગજરા, સિરાજીની ખુમારી અને સૌથી વધારે આ મધરાતનો એકાન્ત અવસર એ બધાંએ એકઠાં થઈ મ્હારા જુસ્સાની હદ તોડી પાડી, અને આવેશ ઉછળ્યા વિના ન રહ્યો. સિરાજીમાં ઘેન નાંખ્યું અને **સેલીમા**ને બેભાન થવા દીધી. શાહેજહાં, મોત જ્યારે નજદીક છે ત્યારે ખરી હકીકત દાબી રાખવાની જરૂર નથી રહેતી તેથી સાફ સાફ કહું છું. પાકદામાન **સેલીમા**ને નાપાક સમજશો નહિ. તે ભોળી ગુલની ગરદન પર જશો નહિ. ત્હેના પાકજીગરને ગેરઇન્સાફ મળે ત્હેની દહેશતથી આપ નામવરને આ તકલીફ આપવી પડી છે. થોડા વખતમાં મ્હારો રૂહ ખુદાની હજૂરમાં ઇનસાફ મેળવવા રવાના થશેઃ માટે તે પાક પરવરદિગારનું નામ લઇ કહું છું કે બેગમ **સેલીમા**ના સતીત્વને મ્હેં લાંછિત કર્યું નથી. તે સંબંધમાં આપના શકમંદ વિચારોને બીનપાયાદાર ઠરતા જોઉં તો પછી મોતની પીડા ગમે તેટલી અઘોર હશે તો પણ હું નાખુશી ખમી રહીશ."

બાદશાહે બધી વાત ધીરજથી સાંભળ્યા કરી. **સાકી** પણ ત્હેના સ્હામું તાકી તાકીને જોઇ રહી હતી કે સેલીમાના મનબદનના પાકપણા વિષે બાદશાહને ખાતરી થઇ છે કે નહિ. પણ **સાકી**થી બાદશાહનું દિલ કળી શકાયું નહિ. તે કેટલા વખત સુધી ચૂપજ રહી. આખરે બાદશાહે બુમ મારીઃ "**માહૂમ**!" પણ અવાજ આપ્યો નહિ.

ક્રૂર દેખાવની એક તાતાર ઓરત ભગી ભગી એકદમ દોડતી આવી બાદશાહની હજૂરમાં સર ઝૂકાવી ઉભી રહી. શાહજહાને કહ્યુંઃ "**માહૂમ**! આ કમનસીબ કાફરને નીચેના ભોંયરામાં કેદ કરો. ખાવા પીવાનું ત્હેને કાંઇ પૂગાડવામાં ન આવે ત્હેની સખ્તાઈ

મોગલ બાદશાહોના રંગ મહેલમાં આવી રીતની સજા એ કાંઇ નવાઇની વાત નહતી. બાદશાહી ફરમાન મળતાં જરા પણ અજાયબી વિના તાતારી માહૂમે એક અંધારા ભોંયરામાં સાકીને કેદ કીધી. મજબૂત અને તાકાતદાર હાથથી સાકીને પકડીને લઇ જતાં રસ્તામાં માહૂમે સવાલ કર્યો:—"અય, કમ નસીબ છોકરા, શા માટે તું જાણી જોઇને વાઘના જડબામાં હાથ નાંખવા આવ્યો હતો. અરે, ત્હારૂં નામ શું ? હ્યા ?

બંદીવાન્ સાકીએ કહ્યું:—"મ્હારૂં નામ માહરૂન !" માહૂમે એક હાથે માહરૂનને ધરી બીજે હાથે સળંગનું બારણું ઉઘાડયું. ઓરડામાં અંધકાર સિવાય કોઇ ચીજ હતી નહિ.

માહૂમ તાતારીએ બાદશાહના નામથી હુકમ જાહેર કીધો:—"માહરૂન, આ કેદખાનામાં ત્હારે દાખલ થવાનું છે."

મોતના પંજામાં સપડાઇ ચૂક્યા છતાં પણ તે અંધારામાં પગ મૂકતાં બદન કાંપવા માંડયું, પાછું હટવા માંડયું. જાન બચાવવાની કોશીશ કરવી એમ વ્યાજબી ભાસ્યું પણ વિચાર કરતાં પોતાના દોષની લાચારી નજર આગળ ખડી થઇ. વિચારમાં વખત રોકાતો જોઈ માહૂમે કાંઇ પણ સવાલ કર્યા વગર તે અંધારા ભોંયરામાં માહરૂનને ધકેલી દીધો; અને પાછળ ત્હેના દરવાજાની ફાટક બંધ કરી માહૂમ તાતારી પોતાના પહેરા પર ચાલી ગઇ.

---

# अमारी नोंध.

**ભાવનગર નરેશનું શુભ પગલું**—પોતાના રાજ્યમાંથી બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય આદિ દુષ્ટ રિવાજોને નાબુદ કરવા નામદાર ભાવનગરના મહારાજાએ—ગામે ગામ ફરી સદુપદેશ આપી, જનસમાજના વિચારો કેળવવા સારૂ મી. કૃપાશંકર જીણાભાઈ પંડયા અમરેલીવાળાની નિમણુંક કરી છે અને પંડયાએ પોતાનું કામ શરૂ પણ કર્યું છે. તેમના કાર્યમાં યોગ્ય મદદ આપવાને રાજ્ય તરફથી દરેક મહાલના વહિવટદારો તથા સ્થાનિક અધિકારીઓ તરફ હુકમો પણ લખાઈ ગયા છે.

આ અનિષ્ટ રિવાજોનો આખા હિંદમાંથી સત્વર નાશ થયેલો જોવાને આપણે ઈંતેજાર છીએ અને તેથી દરેક જ્ઞાતિની સભાઓ તથા કોનફરન્સોમાં તે વિષે વિવેચન કરવાની અને ઠરાવો કરવાની તક હાથ ધરવામાં આવેલી અને આવતી આપણે જોઇ છે, પણ ખેદની બીના એટલી છે કે ઠરાવો કરનારા મજબુત રહેતા ન હોવાથી અને આગેવાનોજ તેનો અમલ કરવામાં ઢીલા થતા હોવાથી પરિણામ હજુ જ્યાંના ત્યાં જેવુંજ જોવાય છે અને તેથી કરીને એવા અનિષ્ટ રિવાજોને દૂર કરવા માટે સત્તાની જરૂર છે અને તેથી લોકરૂચી કેળવી, લોકની બહુમતિ મેળવી પોતાની સત્તા વડે કાયદો કરી પોતાની પ્રજાને દુષ્ટ રિવાજોના અનિષ્ટ પરિણામોથી મુક્ત કરવાનો શુભ હેતુ નામદાર મહારાજાએ હાથ ધર્યો જણાય છે.

નામદાર ગાયકવાડ સરકારે પોતાના રાજ્યમાં બાળલગ્ન અને રડવા કુટવા આદિ નિર્લજ રિવાજોના અંગે કાયદાઓ પસાર કર્યા બાદ તેમાં મોટો સુધારો થયો છે, છતાં નામદાર ભાવનગર નરેશની માફક હજુ પણ પોતાના રાજ્યમાં ભાષણો મારફતે સદુપદેશ

ણામ આવી શકે. આ પ્રસંગે એક બીના યાદ આવે છે કે તેઓશ્રી જ્યારે કડી પ્રાંતની હમણાં છેલ્લી મુસાફરીએ નીકળ્યા હતા ત્યારે મહાજનની મુલાકાત વખતે આવા અનિષ્ટ રિવાજોના નીકંદન અર્થે બે શબ્દ કહેવાની તક લેતા હતા અને તે અમારા એક સંબંધીના અનુભવથી અમારે જણાવવું પડે છે કે એક ગામ મધ્યે તેઓશ્રીએ એમ જણાવ્યું છે કે દરેક માટે સરકારે મદદ કરવી જોઇએ એમ દરેક જણ માગણી કરે છે પણ તમારે પોતાને સમાજિક સુધારા અર્થે કેટલો ભાગ આપવાનો છે તેનો વિચાર કોઇ કરે છે? જ્ઞાતિઓએ બાળલગ્નાદિના અટકાવ અર્થે કોઇ સીધો પ્રયત્ન કર્યો છે? ખરેખર શ્રીમંત મહારાજાના આ શબ્દો પોતાની પ્રજાના હિતાર્થે હૃદયની ઉંડી લાગણીવાળા હતા, છતાં તેનો પ્રત્યુત્તર નકારમાંજ હતો; કારણ કે એક ગૃહસ્થે જણાવ્યું કે 'જ્ઞાતિઓએ લગ્નની હદ વધારી છે' ત્યારે શ્રીમંતે કહ્યું કે ત્યારે કાયદો કહાડી નાખીએ તો તમે તેમાં આગળ વધો ખરા? તમે લગ્નની હદ વધાર્યા બદલ જ્ઞાતિઓના ચોપડાથી કોઇ રેકર્ડ બતાવી શકશો ખરા? આનો ઉત્તર તે ગૃહસ્થથી આપી શકાયો નહિ ત્યારે બીજી એક વ્યક્તિએ શ્રીમંતનું ધ્યાન ખેંચ્યું કે જ્ઞાતિઓ તે કામ કરવા લાગી છે ખરી, પણ આપણા કાયદાવડે નહિ કે પોતાના વિચારો વડે જો પોતાના વિચારો વડે હોત તો આપણા શુભ હેતુને ઉલટાવી કાયદાનો ચોક્સ અમલ ન કરતાં ઘણી વખતે દંડ ભરે છે અને તેવી રકમ મોટી થાય છે એજ બતાવે છે કે જ્યાં સુધી જ્ઞાતિ બંધારણ વ્યવસ્થિત ન થાય ત્યાં સુધી આપની સત્તાની—આવા દુષ્ટ રિવાજોના નિકંદન માટે જરૂર છે. મતલબ કે શ્રીમંતના શુભ હેતુને સમજી જ્ઞાતિ સત્તા વડે તેનો સંપૂર્ણ અમલ કરી રાજ્યને તેવા કાયદાના ભંગનો દંડ લેવામાંથી પ્રજાએ મુક્ત કરવા જોઇએ, અને તે માટે ગામે ગામ ભાષણો વડે લોકોના વિચારો કેળવવાનો ઉપાય દરેક રાજ્યે હાથ ધરવો જોઇએ.

મી. પંડ્યાનાં કન્યાવિક્રય અને બાળલગ્ન ઉપરનાં ભાષણો જેણે સાંભળ્યાં હશે તેને અનુભવ હશે કે તેઓ ગદ્ય અને પદ્ય બંનેમાં ગમે તેવા મનુષ્યનાં હૃદય પીગળાવી નાખે તેવી લાગણીપૂર્વક જુસ્સાદાર ભાષણો કરે છે અને તેથી અમારી ખાત્રી છે કે ભાવનગર રાજ્યની પ્રજા ઉપર તેની મોટી અસર થશે અને રાજ્ય તેથી યોગ્ય કાયદો અમલમાં મુકવા જલદી તૈયાર થશે.

વૈદ્ય કવિ દુલ્લભજી શ્યામજી ધ્રુવ પણ તેવાજ ઉત્તમ વક્તા તદ્‌વિષયમાં છે અને તેઓ હમણાં કાઠીઆવાડના ઘણા ગામોમાં ભાષણો તદ્‌વિષયો ઉપરજ પોતાની તરફથી કરી રહ્યા છે તેઓની પણ મી. પંડ્યાની માફક કોઇ રાજ્ય તરફથી નીમણુંક થાય તો રાજ્યની સહાયતા વડે મી. ધ્રુવ ઘણું સારૂ કરી શકે તેમ છે. આશા રાખીશું કે નામદાર ભાવનગર નરેશનું અનુકરણ દરેક રાજ્યમાં થાય.

* * * * *

**મારવાડી વિદ્યાલય**—શ્રી મુંબઇ મધ્યે મારવાડી વિદ્યાલયના નામે એક સંસ્થા ઉભી થઇ છે, અને તેણે એક મોટું ભવ્ય મકાન બંધાવા માંડયું છે તે થોડા વખતમાં પૂર્ણ થશે. આ વિદ્યાલયને ચલાવા અર્થે એક ગૃહસ્થે રૂ. ૬૧૦૦૦) અને એક બીજા ગૃહસ્થે રૂ. ૫૧૦૦૦) આપ્યાનું જાહેરપત્રોમાં પ્રગટ થયું છે. અમારી જાણ મુજબ બિલ્ડીંગ માટેની રકમ તો અગાઉ મળી ચુકેલી છે. આ રીતે જોતાં અને હજુ મોટી રકમો ઘણા શ્રીમંતો તરફથી

વધી જાય તો આશ્ચર્ય જેવું નહિ કહેવાશે. કારણ સામાન્ય રીતે નકામા ખર્ચોમાં ઘણી કરકસર કરનાર મારવાડી પ્રજા ઘણી વખત—યોગ્ય લાગતાં—લાખોની રકમો એકે તડાકે કહાડી આપે છે એમ આપણે જોયું છે. આપણે આપણા મુંબાઈમાં વસતા જૈન મારવાડી બંધુઓ તરફ ખ્યાલ કરીએ તો જણાશે કે તેઓ બહુજ કરકસર દરેક બાબતમાં રાખે છે, છતાં પર્યુષણમાં ઘી બોલવામાં અને નોકારસીઓ કરવામાં હજારો રૂપીઆ એકીવખતે આપે છે અથવા ખર્ચે છે. માત્ર તેઓનું કેળવણી જેવા અગત્યના વિષય તરફ ધ્યાન ખેંચાયું નથી તેજ દીલગીરીભર્યું છે, પણ ઉમેદ રાખીશું કે શ્રીમંત મારવાડી જૈનોમાંથી થોડાક વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસમાં આગળ વધીને પોતાની કોમને જ્ઞાનદાન યાને કેળવણીના માર્ગે પોતાના દ્રવ્યનો સદુપયોગ કરાવતાં શીખવે.

મજકુર રૂ. ૧૧૨૦૦૦) ની મદદ કરનાર બન્ને મારવાડી શ્રીમંત ગૃહસ્થોને ધન્યવાદ આપતાં કહેવું જોઇએ કે જૈન શ્રીમંતો આવી રીતે કેળવણીના કાર્યમાં લાખોની રકમો કહાડી આપતાં ક્યારે શીખશે ? મુંબઇમાં તેવા ઘણા શ્રીમંતો છે, અને તેઓ પોતાના ઘરનાં વાર્ષિક ખર્ચો હજારોની રકમનાં કરનારા છે. પણ આવા કાર્ય માટે મુદલ વિચાર નહિ કરનારા અને કોઈ ખાતામાં મદદ માટે ધ્યાન ખેંચતાં વખત સારો નથી એમ કહેનારા જણાયા છે. એ અન્ય પ્રજા તરફ જોતાં ધનમાં અગ્રેસર ગણાતી જૈન કોમ માટે સરમાવનારૂં છે. ઘણી કોમ મુંબાઈમાં એકથી વધુ મકાનો સ્કુલો તરીકે, કન્યાશાળા તરીકે, બોર્ડીંગો તરીકે, પાઠશાળા તરીકે, કલબો તરીકે, સંસ્થાઓની ઑફીસો તરીકે, વનિતા વિશ્રામ તરીકે, ચાલીઓ તરીકે હસ્તી ધરાવે છે ત્યારે જૈન કોમ એક ગોકળભાઇ મુળચંદ બોર્ડીંગ ( હોસ્ટેલ ) અને પાંજરાપોળ સિવાય જાહેર ઉપયોગાર્થે કોઇ પણ જાહેર મકાન હસ્તી ધરાવતું નથી એ બહુજ ખેદજનક સ્થિતિ છે. હાઇસ્કુલનું મકાન ઘણા લાંબા વખતે મોટા પ્રયત્ને હસ્તીમાં આવવા પછી પાછું હતું નહતું થઈ ગયું છે. તેના બંધાવનાર ધારે તો બહુજ ટુંકા વખતમાં ઘણી સગવડોવાળું એક સુંદર મકાન ગમે તે ખર્ચ થાય તોપણ બનાવી શકે તેવી શક્તિવાળા છે, છતાં કોણ જાણે તે તરફ દ્રષ્ટિ શામાટે જતી નથી તે સમજાતું નથી. હવે ત્વરાથી તેના માલેકો તે મકાનનું કાર્ય હાથ ધરે અને પૂર્ણ કરે તથા તેમાં હજારથી વધુ માણસો બેશી શકે તેવા એક હૉલની મુંબાઇના જૈનોને પડતી ખોટ પુરી પડાય એમ ઇચ્છીશું.

* * * * *

**મુંબઇ જૈન મહિલા સમાજનું ઉપયોગી કાર્ય**—સ્ત્રી કેળવણીના કાર્યને આગળ વધારવામાં ખરી ખોટ જોવાતી હોય તો પાસ થયેલ જૈન સ્ત્રીશિક્ષકોની છે, એમ આપણી કોમને ઘણી વખતે પ્રાસંગિક સમયે જણાવવું પડયું છે, પણ તે માટે કોઇએ પ્રયત્નની દિશા ભણી નજર પહોંચાડી આપણે જોઇ નથી. અમારી યાદ મુજબ શ્રી મુંબાઈમાં જૈન સભાએ જૈન સ્ત્રી શિક્ષકોને શિક્ષણ કેમ આપવું તે માટે તેના હસ્તક ચાલતી શાળામાં એવી ગોઠવણ કરી હતી કે એક કલાક બધાં સાથે બેસી પોતાના જ્ઞાનમાં વધારો કરવાને ઉપયોગી વિચારો કરવા; પણ તે કાર્ય માટે લાયક શિક્ષકની ખામી પડતાં વધારે વખત ચાલ્યું નહિ. હમણાં જૈન એસોસીએશન ઑફ ઇન્ડીઆએ મુંબઇની જૈન સંસ્થાઓ અને તે હસ્તક ચાલતાં કેળવણીનાં ખાતાંઓની મુલાકાત લઇ કયા ખાતામાં કયો સુધારો કરવા

પણ કર્યું છે. તેમાં મજકુર સભા હસ્તક ચાલતી જૈન કન્યા અને સ્ત્રીશિક્ષણશાળાની મુલાકાત લેનાર ગૃહસ્થોએ, ટ્રેઈન થએલી જૈન સ્ત્રીશિક્ષકોની અગત્ય ઉપર શાળાના સુપ્રિન્ટેન્ડન્ટ સાથે વિચાર ચલાવ્યો હતો અને જણાવતાં ખુશી ઉત્પન્ન થાય છે કે તે વિષે મહિલા સમાજની કમીટીનું ધ્યાન ખેંચાતાં અમદાવાદ ફીમેલ ટ્રેનીંગ કોલેજમાં અભ્યાસ કરતી અને કરવા ઇચ્છતી જૈન બાઇને ઉત્તેજનાર્થે માસીક રૂ. ૫) ની એક સ્કોલરશીપ આપવાનો ઠરાવ થયો છે અને તે માટે જાહેર ખબર પણ અપાઇ છે. અમારે કહેવું જોઇએ કે કોન્ફરન્સ અને જૈન એસોસીએશન જેવી સંસ્થાઓએ આ દિશાએ અત્યાર અગાઉ પ્રયત્ન કરવો જોઇતો હતો, તે કાર્ય મુંબઇ જૈન મહિલા સમાજે હાથ ધરી—અમલમાં મુકી—સ્ત્રી શિક્ષણના કાર્યને આગળ વધારવાનું પોતાની શક્તિ અનુસારનું અમુલ્ય કાર્ય બજાવ્યું છે એમ કહી શકાય. જો આ રીતે ૫–૭ સ્કૉલરસીપની ગોઠવણ થાય અને દશેક વર્ષ સુધી આપી શકાય તો ટ્રેઈન થયેલી જૈન સ્ત્રી શિક્ષકો ૧૦–૧૫ તો જરૂર મેળવી શકાય. સ્ત્રી કેળવણીને ઉન્નત દશાએ જોવાની ઇચ્છાવાળા શ્રીમંત સભાસદ બ્હેનોએ પોતાની તરફથી સમાજ મારફતે એકેક સ્કૉલરશીપ આપવાની ઉદારતા વાપરવા જરૂર છે એમ કહેવું યોગ્ય જણાય છે.

સમાજે મુંબઇની જૈન બાઇઓ અને બાળાઓને શિવણનું અને વેતરવાનું શીખવવા એક કલાસ ખોલ્યો છે. જે માટે એક દરજી રોકવામાં આવ્યો હતો પણ વધુ લાભ લેવાતો ન માલમ પડવાથી તે કામ ગયા માસથી અનુભવી સ્ત્રીશિક્ષકના હાથમાં મુકવામાં આવ્યું છે, અને તેથી વધારે લાભ લેવાશે એમ જણાય છે. તે સાથે તે બાઇ ટ્રેઈન શિક્ષક હોવાથી દર રવિવારે શાળામાં ચાલતા દરેક વર્ગોમાં એક એક કલાસ બેસી, તેમાં અપાતા શિક્ષણ ઉપર ધ્યાન આપી, શિક્ષણ આપતાં સ્ત્રી શિક્ષકોને જરૂર પડતી સૂચના કરવા અને ખામીઓ સુધારવાને ઠરાવ્યું છે. આ કાર્યથી પણ સમાજે પોતાને ઉત્પન્ન કરનાર સભા હસ્તકની શાળાને ઉત્તમ બનાવવા માટે ઉપયોગી સેવા બજાવી કહેવાશે.

---

# स्वदेशी कारीगरीनुं पडी भागवुं

## तेना

## उन्नतिना उपायो.

હિંદની પડતી થવાનાં અનેક કારણોમાં દેશી કારીગરીનું અને વેપાર રોજગારનું પડી ભાગવું એ મુખ્ય કારણો છે. દેશી કારીગરીનું પડી ભાગવાનું કારણ પરદેશની બનાવટની ચીજોનો અત્રે બહોળો ઉઠાવ એ મુખ્ય છે. હિંદ ઉપર રાજ્ય કરનાર મહારાજાનું પાયતખ્ત પરદેશમાં હોવાથી તેમના તરફથી ખર્ચાતા લાખો રૂપીઆમાંથી હિંદને વેપારની બાબતમાં કુદરતી રીતે લાભ થાય નહિ. વળી હિંદુસ્તાનમાં મોટામાં મોટી નોકરી કરનારાથી તે નાનામાં નાની નોકરી કરનારા અંગ્રેજોને જોઇતી ઘણું કરીને સંસાર ઉપયોગી ચીજો વિલાયતથી ચાલી આવે છે તેથી પણ હિંદના વ્યાપારીઓને લાભ થતો નથી. બાકીનો નોકરીઆત વર્ગ જેવા કે પારસી, હીંદુ, મુસલમાન વિગેરે તેમના ઉપરીઓની નકલ કરવાને અને ભપકો કરવાને, સંસારના સાધારણ ઉપયોગમાં પણ એટલી બધી વિલાયતી ચીજો વાપરે છે કે તેથી તેઓ એક જાતનો પોતાના દેશના કારીગરોને ગેરઇન્સાફ આપે છે.

દેશ નિર્ધન થવાનું મોટું કારણ દેશી કારીગરીની પડતી છે, પરદેશની અનેક દેખીતી સસ્તી ચીજોનો પ્રદેશ અને તેનો પુષ્કળ વપરાશ છે. પરદેશમાં બનતી ચીજોનો અત્રે જથ્થાબંધ ઉઠાવ થવાથી દેશમાં પેદા થતી ચીજોનો ખપ બીલકુલ નહીં સરખો થતો ગયો એટલે તેનો વ્યાપાર પડી ભાગે તેમાં શું આશ્ચર્ય ?

પ્રથમ આપણા શરીર તરફ નજર કરો અને તપાસો કે આપણે કેટલી ચીજો સ્વદેશી બનાવટની વાપરીએ છીએ. આપણા બુટ, મોજાં, રૂમાલ, તાપ કે વરસાદને માટે રાખેલી છત્રી વિગેરે જે કાંઇ આપણે પગથી કે માથા સુધી જે કાંઇ પહેરવામાં આવ્યું છે તે સઘળું તમોને વિલાયતી માલમ પડશે. હવે આપણા વિચાર ને શોખ પણ વિલાયતી થયા છે, એટલે આપણું દેશી ચીજો તરફ ધ્યાન પણ શાનું ખેંચાય? વળી આપણા ઘરમાં શોભાને માટે રાખેલા ફરનીચર અને બીજું જે કાંઇ શોભાને માટે રાખવામાં આવે છે, તે ઘણું ખરૂં વિલાયતી માલમ પડશે અને દિવસે દિવસે ઘર સંસારના સાધારણ કામકાજમાં પણ હવે વિલાયતી વાસણો પણ પરદેશથી આવે છે. આ પ્રમાણે જ્યારે ઘણીખરી ચીજો પરદેશથી ચાલી આવે છે, ત્યારે દેશી ચીજોની માગણી આપોઆપ ઘટવી જોઇએ, પરિણામે બનાવનારા કારીગરો નિર્ધન હાલતમાં આવી પડવા જોઇએ. દશ વર્ષ પહેલાંનો વિચાર કરીશું તો આટલી બધી ચીજો વિલાયતથી આવતી નહોતી પરંતુ જેમ જેમ આપણો શોખ વધતો ગયો, અને તેમ તેમ આપણા શોખને અનુકુળ ચીજો આવતી જાય અને આપણને વધારે ઉશ્કેરે તેવી અનેક તરેહ તરેહની ચીજો વિલાયતના કસબી અને કુટ આગ્રહી કારીગરો બનાવતા ગયા. અથવા જે ચીજો તેમનાથી બનતી નથી અથવા તેમને ખબર નથી અથવા જેને માટે તેમને લાભ થઇ શકે તેમ નથી તેવીજ ચીજો ફક્ત આ દેશમાં ઉત્પન્ન થતી જારી રહી છે. હવે જ્યારે ગંભીરતાથી વિચાર કરીને તપાસો કે વિલાયતી ચીજો વાપરનારા, તેમના પર વધારે શોખ રાખનારા, અને દેશી ચીજો ઉપર થોડું ધ્યાન આપનારા કયા લોક છે. આ બાબતનો વિશેષ દોષ કે જેઓ દેશનો જીર્ણોદ્ધાર કરવાનો, દેશને સુધારવાનો, દેશને આબાદ અને સુખી રાખવાનો ફાંકો રાખે છે એવા ભણેલા લોકો ઉપર મૂકવો જોઇએ. એ ખરી વાત છે કે હાલમાં તો પરદેશી ચીજોનો વપરાશ સાધારણ થવા લાગ્યો છે, ને તે રાજાથી તે રંક સુધી ભણેલા અને અજ્ઞાન સર્વે લોકો વાપરે છે તો પણ સાધારણ લોકો દેશી ચીજો પુષ્કળ વાપરે છે. હજી તેઓ ભણેલાના જેવા વિલાયતી ચીજો ઉપર આશક થયા નથી. હજી તેઓ વિલાયતી ચીજો તરફ અદેખાઇની નજરે જુએ છે અને હજી તેઓ મત આપે છે કે "ચીન પૈસા લેવે છીન" એકવાર વાપર્યો કે ધોયો કે પૈસા છુટા પડે છે એટલે વિલાયતી માલ તકલેદી છે. વળી તેઓ એવું ધારે છે કે ભાઇ "હવે દમડીએ ઊંટ વેચાશે પણ તે ખરીદવાને દમડી પણ મળનાર નથી." આ ધારવું તેમનું ખરૂં છે, અને જો કોઇ પણ પ્રકારના ઉપાય લેવામાં ન આવ્યા ને આમ ને આમ ચાલ્યા કર્યું તો ખરેખર લોકો પૈસા વગરના થઇ પડશે. જેમ જેમ નવી નવી ચીજો આવતી જાય અને દેશમાં ખપતી જાય તેમ તેમ તે ખરીદવાને ઉત્પન્ન શક્તિઓ વધવી જોઇએ, પણ ઉત્પન્નશક્તિ તો વધવાને બદલે ઘટતી જાય છે તેથી દેશમાં એવડી તૂટ પડે છે ને પરિણામે જે કાંઇ દેશમાં છે તે નાશ પામવું જોઇએ.

વળી ભણેલા લોકોને દેશી જાડી અને બેડોળ ચીજો ગમતી નથી. તેમને સારી, ઝીણી, હલકી તથા ભપકાદાર રંગવાળી ચીજો જોઇએ છે. તેમને અંગ્રેજ લોકોની માફક વધારે નકલ થઇ શકે

તેમ થવું જોઇએ, અને પોતાની સર્વે બાબતમાં વિલાયતી જેવું દેખાય તેમ થવું જોઇએ. કદાચ તમને દેશી ચીજો ઉપર ભાવ થાય. તમારા ભાઇબંધો તમને કહે કે મીસ્ટર તમારો ટેસ્ટ સારો નથી, ફેશનમાં સમજતા નથી, તમો અંગ્રેજી ચીજોની ખરી ખૂબી જાણતા નથી, એ માટે પણ એ લોકોને પાછી વિલાયતી ચીજો વાપરવી પડે છે, તેમને આલપાકાના અને રીફ્રકાટૅના કોટ વગર નહિ ચાલે, બૂટ સ્ટોકીંગ વગર નાગે પગે રહે કેમ પાલવે, તેમને વિલાયતી લાકડી ને રૂમાલ વગર ન રહેવાય; કારણ કે તેમને કચેરીમાં રહેવું, સાહેબ લોકોની સાથે ફરવાનું માટે વખતે સાહેબ લોક કદાચ આપણી મશ્કરી કરે. દેશી ચીજો વળી જંગલી ને મલીન દેખાય છે તથા દેશી ચીજો તેવી ને તેટલી મળી શકતી નથી માટે અંગ્રેજી ચીજો વાપરવાનાં એવાં મજબુત કારણો છે. તેની અમને એવી જરૂર છે કે અમને અંગ્રેજી ચીજો વગર ચાલેજ નહિ. પ્રથમ તો અંગ્રેજી કાગળ વગર અમો લખીએ શા ઉપર, હોલ્ડર કે ઇન્ડીપેન્ડન્ટ વગર અમારાથી અંગ્રેજી કેમ લખાય, અમારાથી કાગળ વિગેરેનો પત્રવ્યવહાર કવર ને પરબીડીયા વગર શી રીતે કરવો, અમારે શું જંગલી કોડીયામાં દીવા કરી ટેબલ પર મુકવા, અમારે શું ચાહ પિત્તળના કે માટીના પ્યાલામાં પીવી, અમારે શું અંગરખાં કે કોટ કરાવવામાં દેશી ખાદી વાપરવી. દેશમાં જરૂરની ચીજો ન મળે ત્યારે અમારે કરવું શું ? અમારૂં કહવું એમ નથી કે વિલાયતી ચીજો વાપરોજ નહિ. વળી અમારૂં કહેવું એમ નથી કે વિલાયતી ચીજોની તમને ખરી જરૂર હોય તેનો ઉપયોગ કરવો છોડી ધો. જે ચીજો દેશમાં થતી નથી તેને ઠેકાણે જરૂરના પ્રસંગે પણ તમે વિલાયતી ચીજો નહિ ખરીદો, વળી તમારો સઘળો શોખ ને આનંદ પ્રભુપસાયે તમે સારી હાલતમાં મૂકાયા છતાં તજી ધો છો પણ મારી તમોને એટલી વિનંતિ છે કે તમો આ બાબતનો વિચાર કરો ને તપાસો કે "આપણે જેટલી ચીજો વિલાયતી વાપરીએ છીએ તેમાંની કોઇ ચીજો આપણા દેશમાં થાય છે કે નહિ ? તેમાંની કોઇ ચીજ વગર આપણે ચલાવી શકીએ કે નહિ ? તેમાંની કોઇ ચીજોને મળતી પણ જરાતરા ઉતરતી કે મોંઘી હોય તેવી દેશી ચીજો તેને ઠેકાણે વાપરી શકાય કે નહિ ? તેમાંની કોઇ ચીજો આપણા દેશમાં નવી બનાવવા માટે આપણે યત્ન કરી શકીએ તેમ છીએ કે નહિ અને બધી વિલાયતી ચીજો આપણે ધારીએ છીએ તેવી સારી ને સસ્તી અને દેશી બધી ચીજો ખરાબ ને માંઘી છે કે કેમ ?"

કેટલીક વાર માણસને દેશી ચીજ ઉપર વગર કારણે અભાવ થઇ જાય છે. કેટલીક વાર કોઇ ચીજ ખરાબ નીકળવાથી બધી દેશી ચીજો ઉપર છીટ રહે છે અને કેટલીકવાર કોઇની દેખાદેખી અમુક ચીજોને ખરાબ ને સારી ગણે છે અને ઘણીવાર માણસ સ્વતંત્રપણે પોતે વિચાર કરવાને તસ્દી લેતો નથી.

તમે ઉંચી વિદ્યાઓ સંપાદન કરી વિચાર કરવાને શક્તિવાન થયા છો, દેશનું કલ્યાણ કરવાનું તમારા મનમાં છે, દેશની નબળી હાલતથી તમારૂં કાળજું બળ્યા કરે છે; અને ખરેખર તમારા ઉપર દેશ મોટી આશાઓ બાંધે છે તો તમો ક્ષણીક અને નાશવંત મોજ કદાપિ થોડી ઘણી ઘટાડશો તો શું ? તમે કદાચ તમારા ઘરસંસારના કાર્યોમાં સ્વદેશ ભૂમિની ખાતર કાંઇ અગવડ વેઠશો તો શું ? તમે કદાપિ તમારા કરોડો સ્વજાતીભાઓને દુઃખમાં રીબાતા જોઇ તમારા મનમાં દયાવૃત્તિ પેદા કરી, તેમના શોકને ખાતર કાંઇક ઉતરતી જાતના વસ્ત્રાલંકાર પહેરશો તો શું ? જો કદાપિ તમો એમાંનું કાંઇ કરી શકતા નથી તો તમો દેશની ખાતર આપત્તિ વેઠવાની રહી પણ મોજશોખ પણ ઘટાડી શકતા નથી તો તમે દેશનું

કલ્યાણુ શી રીતે કરશો તે સમજાતું નથી. દેશનું કલ્યાણુ વાતો કરે થશે નહિ, દેશનું કલ્યાણુ મુસીબતો વેઠયા વગર થશે નહિ, દેશને લાભ તમારા જેવા સુજ્ઞ પુત્રોના યા હોમ કરી આગળ પડયા વગર થશે નહિ એ માટે કદાચ તમોને હરકતો વેઠવાને કહું તો ખોટું કહેવાશે નહિ તો પણ મારી તો તમને એટલી વિનંતિ છે કે આ અગત્યના વિષય ઉપર વિચાર કરતા થાઓ. હું આગળ એવું પણ દેખાડી આપવાની આશા રાખું છું કે તમે તમારો મોજશોખ ઘટાડયા વગર અને તમારા સુખનાં સાધનો ઓછાં કર્યા વગર પણ તમો દેશી કારીગરીને ઉત્તેજન આપી શકશો. (અપૂર્ણ.)

**( ચંદુલાલ ગોકળદાસ. અમદાવાદ. )**

---

# बोर्डींग प्रकरण.

### બોર્ડીંગની આવશ્યકતા.

કોઇ પણ દેશની, કોમની, સમાજની ઉન્નતિ કરવા માટે બોર્ડીંગોની ઘણી જરૂર છે. આપણા આર્યાવર્તની લગભગ તમામ કેળવાયલી જ્ઞાતિઓ અત્યારે બોર્ડીંગ માટે બેમત ધરાવતી નથી. આપણી કોમના નેતાઓએ–મહાદેવી કૉન્ફરન્સે પણ જૈન કોમની ઉન્નતિને માટે તેની પ્રથમ આવસ્યકતા વિચારી છે. આમ દેશમાં ચારે તરફ બોર્ડીંગોના વિચારોનું વાતાવરણુ અત્યારે ફેલાઈ રહેલું છે અને તે વિચારોનો અમલ પણ થતો ઘણે સ્થળે જોવામાં આવે છે પરંતુ આ સ્થળે અમારે કહેવું જોઇશે કે અમારો જૈન સમાજ હજુ તે બાબતમાં જોઇએ તેટલું તો શું બલ્કે તેના સોમા ભાગ જેટલું પણ કરી શકયો નથી. એનાથી બીજું શું અપ્સોસનું કારણ હોઈ શકે ? આપણા નામવર લોકપ્રિય **લૉર્ડ હાર્ડીંગ** બોર્ડીંગોના સંબંધમાં શું કહે છે તે સંબંધી અમે ઉલ્લેખ કરીએ છીએ તે ઉપરથી અમારો જૈન સમાજ જોઈ શકશે કે હાલના જમાનામાં બોર્ડીંગો ખોલવાની, તેને શ્રીમંતોએ પુરતી પૈસાની મદદ આપવાની તેમજ વિદ્વાનોએ પોતાની વિદ્યાનો લાભ આપવાની કેટલી જરૂર છે.

He says there is no better means for the uplift of this land, than to institute as many boardings as possible, not only that but also as many school boardings as possible. It forms an essential part of socialism and is the chief step of bringing the union between teachers and students and also between students and students who are the members of the coming generation.

"આપણા લોકપ્રિય નામવર લૉર્ડ હાર્ડીંગ કહે છે કેઃ—આ ભારત ભૂમિમાં જેમ બને તેમ બોર્ડીંગો વધુ સંખ્યામાં ખોલવી કે જેથી આ ભૂમિનો ઉદ્ધાર થાય. સ્કુલ બોર્ડીંગો પણ જેટલી ખોલી શકાય તેટલી ખોલવી. બોર્ડીંગોથી ભ્રાતૃભાવ વધે છે, અને તે શિક્ષકો અને સ્ટુડન્ટો તેમજ તે સ્ટુડન્ટો સ્ટુડન્ટો વચ્ચેના પ્રેમ વૃદ્ધિનું અને ભ્રાતૃભાવનું પ્રથમ પગથીઉં છું, કે જે સ્ટુડન્ટો ભવિષ્યની પ્રજા છે."

### આ બોર્ડીંગથી થએલો લાભ.

આ બોર્ડીંગથી આજ સુધીમાં આપણી કોમનાં ઘણાં બાળકોને લાભ થયો છે. આજ સુધીમાં લગભગ સેંકડો ગામના મળી આશરે ચારસેં વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે. અમદાવાદ એક એવું સેન્ટર છે કે જેમાં થોડે પૈસે વિદ્યાર્થીઓને સારો લાભ આપી શકાય તેમ છે. આ સાલ બોર્ડીંગના ઉપલા ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષાનું રીઝલ્ટ

દર્શાવ્યું છે જેથી અમારા જૈન બંધુઓ જોઇ શકશે કે આ સંસ્થા થોડે પૈસે કેવું મુંગે મોઢે કાર્ય બજાવે જાય છે. તેને પોષણ આપવાની અમારા દરેક બંધુઓની ફરજ છે. આપણી જાહોજલાલી, આપણું ગૌરવ, અને આપણો દયામય ધર્મ તે કેળવણીજ દીપશે એ નિશ્ચયથી દરેક જૈન બંધુઓએ હૃદયમાં સુવર્ણાક્ષરે કોતરી રાખવું, માટે સાત ક્ષેત્રોના આધારભૂત શ્રાવક શ્રાવીકાક્ષેત્રનો ઉદ્ધાર કરવાની દરેકે દરેક કોમના નેતા અને મહા મુનિરાજોને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

## સને ૧૯૧૪ ની બોર્ડીંગના વિદ્યાર્થીઓની યુનિવર્સિટીની પરીક્ષાનું પરિણામ.

આ સાલ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષામાં તેમજ મેડીકલ સ્કુલની પરીક્ષામાં મળી બોર્ડીંગના ૪૦ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાં એકંદર મળી ૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેનાં નામ વિગેરે નીચે મુજબ છે. સરેરાશ ઉપલા ધોરણની પરીક્ષાનું એકંદર પરિણામ ૬૨.૫ ટકા જેટલું આ સાલ આવ્યું છે.

| કલાસ. | પરીક્ષામાં કેટલા બેઠા. | કેટલા પાસ. | પાસ થએલા વિદ્યાર્થીનું નામ. |
|---|---|---|---|
| બી. એ. (સીનીયર) | ૧ | ૧ | ચંદુલાલ મયાચંદ શાહ. |
| ,, (જુનીયર) | ૨ | ૨ | સોભાગ્યચંદ ગીરધર શાહ. |
| ,, ,, | | | અમૃતલાલ જીવરાજ શાહ. |
| | | | ફર્સ્ટ કલાસ (ગુજરાત કૉલેજ સ્કૉલર) |
| ઇન્ટરમીજીએટ | ૧ | ૧ | ધરમચંદ દીપચંદ પરીખ. |
| પ્રીવીઅસ | ૯ | ૫ | કેશવલાલ નગીનદાસ શાહ. |
| | | | સેકન્ડ કલાસ |
| | | | મોહનલાલ હાથીભાઈ શાહ. |
| | | | સોમચંદ પીતાંબર સંઘવી. |
| | | | આશારામ છગનલાલ શાહ. |
| | | | ચીમનલાલ કેવળદાસ શાહ. |
| મેટ્રીક્યુલેશન | ૨૨ | ૧૧ | ગોવિંદજી ઉજમશી શાહ. |
| | | | મણીલાલ માધવજી દોશી. |
| | | | અંબાલાલ ત્રીભોવનદાસ શાહ. |
| | | | મફતલાલ ઉગરચંદ શાહ. |
| | | | ગોરધનદાસ દેવજીભાઈ પટેલ. |
| | | | મહાસુખરામ છગનલાલ કોઠારી. |
| | | | મણીલાલ પુરશોતમ શાહ. |
| | | | તલકચંદ ચુનીલાલ શાહ. |
| | | | ચીમનલાલ નરસિંહભાઇ શાહ. |
| | | | પોપટલાલ માનચંદ શાહ. |
| | | | મણીલાલ જેચંદ શાહ. |
| મેડીકલ વર્ષ ચોથું. | ૧ | ૧ | માણેકલાલ મગનલાલ. |
| વર્ષ ત્રીજું. | ૧ | ૧ | ભાઇલાલ મોતીલાલ શાહ. |
| વર્ષ બીજું. | ૧ | ૧ | ચંદુલાલ મથુરદાસ શાહ. |
| વર્ષ પહેલું. | ૨ | ૨ | ચીમનલાલ હરજીવન શાહ. |
| | | | નાગરદાસ પુંજાભાઇ શાહ. |

## શ્રી બક્ષિશ ખાતે.

૩–૦–૦ બોર્ડીંગના વિદ્યાર્થી જેસંગલાલ ચુનીલાલ, સાદરા કેમ્પ.

૨૫–૦–૦ શા. હંસરાજ સુરચંદ હ. સુખલાલ મોતીચંદ, વઢવાણ શહેર.

૨૫–૦–૦ એક જૈન તરફથી હ. વ્હોરા નારણજી સુંદરજી, વઢવાણ શહેર.

૧૦૧–૦–૦ નવસારીવાળા ફકરા નારણજીની તરફથી શા. કપુરચંદ પાનાચંદની વતી શ્રી વલસાડના જૈન પંચે આપ્યા. હ. શા. પરાગજી વીરચંદ. મુ. વલસાડ.

૨૫–૦–૦ રા. રા. જમનાદાસ સવચંદ, બા. ભાઈ રતિલાલના લગ્નના શુભ પ્રસંગની ખુશાલી નિમિત્તે. અમદાવાદ વાઘણ પોળ.

૧૦–૦–૦ શા. શ્યામજી દયાળજી મુંબાઇવાળા તરફથી શા. ચીમનલાલ મહાસુખરામ, હ. અત્રેના ચોમુખજીની પોળવાળા શા. મગનલાલ બહેચરદાસ, મુંબાઇ.

## માસિક મદદ ખાતે.

૬–૦–૦ રા. રા. છોટાલાલ લક્ષ્મીચંદ, અમદાવાદ, નિશાપોળ. બા. સને ૧૯૧૪ ની સાલના માસ જુલાઇથી તે ડીસેમ્બર સુધીના.

૭–૦–૦ રા. રા. વાડીલાલ ખેમચંદ, અમદાવાદ પાંજરાપોળ, સને ૧૯૧૪ ના નવેમ્બર તથા ડીસેમ્બર તથા સને ૧૯૧૫ ના માસ જાનેવારીથી તે એપ્રિલ સુધીના.

૬–૦–૦ રા. રા. ઝવેરી પુરૂષોત્તમ અમીચંદ, અમદાવાદ શેખનો પાડો. બા. સને ૧૯૧૪ ના માસ જુલાઇથી તે ડીસેમ્બર સુધીના.

૫–૦–૦ રા. રા. વકીલ મણીલાલ મોહનલાલ, અમદાવાદ રાજામહેતાની પોળ. માસ જાનેવારીથી તે માસ મે સુધીની મદદના.

૫–૦–૦ રા. રા. કેશવલાલ મગનલાલ, અમદાવાદ વાઘણ પોળ, બા. માસ જાનેવારીથી તે માસ મે સુધીની મદદના.

૫–૦–૦ રા. રા. શ્રીયુત શેઠ જગાભાઈ દલપતભાઈ ભગુભાઈ બી. એ. બા. માસ મે ની મદદના. અમદાવાદ.

૬–૦–૦ રા. રા. જમનાદાસ સવચંદ, બા. માસ માર્ચ એપ્રીલ ને મેની મદદના. અમદાવાદ વાઘણ પોળ.

## શ્રી ખરચ ખાતે.

૩–૨–૬ રા. રા. જેસીંગભાઇ સાંકળચંદ, બા. કેરીઓ લાવવા નિમિત્તે. અમદાવાદ દોશીવાડાની પોળ.

૫–૦–૦ બ્હેન ચંપા હીરાચંદ, ઝવેરી લલ્લુભાઇ રાયચંદની ભાણેજ. બા. કેરીઓ લાવવા નિમિત્તે. દરસાલ આપે છે તે મુજબ આ સાલ આપ્યા તે. અમદાવાદ ઝવેરીવાડો.

## જમણ.

નીચેના સદ્‌ગૃહસ્થોને ત્યાંથી જુદે જુદે પ્રસંગે જમણ આપવામાં આવ્યું હતું.

રા. રા. ઝવેરી મોહલાલભાઇ ગોકળચંદ દોસીવાડાનીપોળ. ભાઇ કેશવલાલના લગ્ન તથા શાંતિસ્નાત્રના પ્રસંગે.

રા. રા. જમનાદાસ સવચંદ સાતભૈયા. ભાઇ રતીલાલના લગ્નની ખુશાલી નિમિત્તે. વાઘણપોળ.

રા. રા. ચંદુલાલ જેશીંગભાઇ પાંજરાપોળવાળા ભાઇ રતીલાલના લગ્નની ખુશાલીમાં.

રા. રા. રાજારામ ફુલચંદ. ફીકાભટની પોળવાળાને ત્યાં લગ્ન પ્રસંગની ખુશાલીમાં.

રા. રા. રણછોડદાસ જેઠાભાઇ ફીકાભટની પોળવાળા. બા. હીરાબાઇના પુત્રને સંસ્કાર કર્યો તે નિમિત્તે.

# *સુરતમાં ભરાયેલી પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ્

## અને

## ગુજરાતિ સાહિત્ય પ્રદર્શન.

ગત માસની તા. ૨૯ ના રોજ સાંજના સાડાચાર વાગતે સુરત મુકામે પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌નું કામકાજ શરૂ થયું હતું. સત્કાર મંડળના પ્રમુખ રા. મધુવચરામ બળવંતરામનું ભાષણ થયા બાદ પ્રમુખપદેથી શ્રીયુત્ નૃસિંહરાવ ભોળાનાથ દીવેટીયાએ એક નવીન દિશાને સૂચવનારૂં વિદ્વતાપૂર્ણ ભાષણ આપ્યું હતું. ભાષણના અંતમાં તેઓએ પરિષદ્‌ના કર્તવ્યની યોજનાનું નીચે પ્રમાણે રેખાલેખન આંકી બતાવ્યું હતું.

લેખક મંડળની સ્થાપના, વર્તમાનપત્રો અને માસિકપત્રોના તંત્રીઓના મંડળની સ્થાપના, ગુજરાતી ભાષા અને સાહિત્યની કેળવણી, અંગ્રેજી સ્કૂલોમાં દાખલ થવા માટે યોજના, સાહિત્ય પરિષદ્‌ના માસીકની યોજના, ત્રીજી સાહિત્ય પરિષદે ઉભી કરેલી વ્યાખ્યાનમાળાની યોજનાને સજીવ કરી પ્રવૃત્ત કરવી. નવીન સાહિત્યના સંસ્કારી પ્રચાર માટે તેટલાં સાધનો દર્શાવી પ્રાચીન સાહિત્ય માટે પ્રાચીન કવિઓના અસલ ગ્રંથોના હસ્તલેખનો સંગ્રહ કરાવવો. તેનું સંશોધન પંડિતો પાસે કરાવીને તેમાંની સદ્‌વસ્તુઓનો પ્રચાર કરાવવો એ સૂચવ્યું હતું. તેઓએ પોતાના ભાષણમાં જૈન સાહિત્યની પ્રવૃત્તિ માટે સંતોષ જાહેર કર્યો છે.

પછી સચીનના નવાબ સાહેબે પ્રદર્શન ખુલ્લું મૂકવાની ક્રિયા કરી હતી. પ્રદર્શનના બે વિભાગ પૈકી વસ્તુ વિભાગમાં આશરે ૮૦૦ પ્રદર્શ્ય ચીજો હતી. તેમાં મુખ્યત્વે ચિત્ર વિભાગ આકર્ષક હતો. ગુજરાતની ચિત્રકળાને ઉત્તેજન મળે એવા ઉદ્દેશથી જુદા જુદા રાજવંશીઓ તરફથી ચાંદોની વહેંચણી થઇ હતી. પૂર્વે ગ્રંથો સચિત્ર કેવી રીતે થતા તે દર્શાવવા હિંદુ અને જૈન ગુજરાતી હસ્ત લેખોની વિવિધ સંખ્યા સંગ્રહવામાં આવી હતી. વિવિધ રંગોથી ભોંય ઉપર કેવા રમ્ય અક્ષરો લખાતા તે દર્શાવવાને કેટલાક હસ્તલેખો તથા અર્વાચીન સમયમાં સુખડનું, હાથીદાંતનું અને લાકડાનું કામ કેવું નકશીદાર થાય છે તે દર્શાવવાને કેટલાક શિલ્પકળાના નમુના જેમાં ખાસ સુખડનું મંદિર અને પડદો દર્શનીય હતાં તે સંગ્રહવામાં આવેલાં હતાં. વિલાયતી કાપડ અને પહેરવેશ આપણા દેશમાં દાખલ થયાં તે અગાઉ કપડાં અને પોશાકની કેવી ઢબ આપણે ત્યાં પ્રચલિત હતી તે તપાસવાની જોગવાઇ માટે હિંદુ, પારસી, અને મુસલ્‌માન શ્રીમંતો તરફથી પોતાના પૂર્વજોનાં વસ્ત્રો

---

* જૈન શ્વેતાંબર સાહિત્ય–ને ખાતર અમારા માસિકના સંપાદક જાતે સાહિત્ય પરિષદમાં ગયેલા, જ્યાંથી ત્યાં આવેલા અપ્રસિદ્ધ જૈન શ્વેતાંબર આમ્નાયના ગ્રંથો–આમોદના ભંડારમાંથી નંગ......આટલાં–તથા અન્ય ભંડારોમાંથી આટલાં મોકલનાર ફલાણા ફલાણા ( તેની વિસ્તારથી નામવાર નોંધ જુલાઇના અંકમાં આપવામાં આવશે )નું લીસ્ટ ઘણી મહેનતે તૈયાર કરી આવ્યું છે. દરેક ગ્રંથ જાતે તપાસી તેના લેખકનું નામ, કઇ સાલમાં રચાયા, કઈ સાલમાં લખાયા, કેટલાં પાન, શું હકીકત તેમાં છે, વિગેરે બાબતો વિગતવાર તેમાં આવશે.

ગુર્જર સાહિત્યને પોષવામાં તથા તેને વધુ ઉજ્વળ અને ઉન્નત બનાવવામાં જૈન સાહિત્યે અપ્રતિમ મદદ ને સેવા આપેલી–સર્વ ગુર્જર સાક્ષરોએ સ્વિકારવા છતાં પણ–તથા તેવો ઉલ્લેખ શ્રીયુત્ ગોવર્ધનરામભાઇએ તથા શ્રીયુત્ રણછોડભાઇ ઉદયરામે સાહિત્ય પરિષદના પ્રમુખ પદેથી ઉદ્‌ઘોષણા દ્વારા કર્યા છતાં પણ–સુરત ખાતેના સાહિત્ય પ્રદર્શનમાં ભાગ્યેજ ૮૦ ટકા જૈન સાહિત્ય

પ્રદર્શનમાં મૂકવા માટે આપવામાં આવ્યાં હતાં. ચીનાઇ અને તાંબાના વાસણોનો સંગ્રહ પણ સારો હતો. ધાતુના વાસણોમાં કેટલાક ભરતના અને ઘડતરના હતા. તેમના ઉપર દશાવતાર કૃષ્ણમીમાંસા વિગેરેનાં ચિત્રો, અક્ષરોના લેખો અને ભૂમિકાના આકારો વિગેરે કોતરેલાં હતાં. સુરતની ઉત્તમ કારિગિરિનું તે બ્યાન કરાવતાં હતાં.

ગ્રંથ વિભાગમાં પ્રાચીન હસ્તલેખો અને બીજાં છાપેલાં પુસ્તકો અને વર્તમાનપત્રો હતાં, તઓને સત્તાવાર ગોઠવવામાં આવ્યાં હતાં.

વેદધર્મીઓ અને જૈનોના ગ્રંથોને સાથે ગોઠવ્યા હતા. બાલાવબોધ આપણા જૈન ગદ્ય સાહિત્ય સંગ્રહનો ગ્રંથ, હેમાચાર્યનું વ્યાકરણ અને રાસા ધ્યાન ખેંચતા હતા. શિલાલેખો અને તામ્ર પત્રોમાંથી ગુજરાતના ઇતિહાસ સાથે સંબંધ ધરાવતા લેખોનો સંગ્રહ રજુ કરવામાં આવ્યો હતો. તેમજ જૈન પ્રતિમાઓ ઉપરના લેખોનો સંગ્રહ પણ રજુ થયો હતો.

"દિગંબર જૈન"ના સંપાદક શા. મૂળચંદ કરસનદાસ કાપડીઆ તરફથી આ પ્રસંગે જૈન સમાજના ઝવાહીરો ગુજરાતના વિદ્વાન મંડળની નજરે કરવા માટે બહુ સારો પ્રયાસ થયો હતો. ગ્રંથો, ચિત્રો, નકશાઓ, બંધનો, પુંઠાઓ અને પાટીઆંઓ વિગેરે મળી ૧૫૫ પ્રાચીન વસ્તુઓ રજુ કરવામાં આવી હતી, અને તેથી પ્રદર્શનનો મોટો ભાગ જૈનમય બની ગયો હતો.

સોનાને અક્ષરે લખેલો, તથા સોનાના અને રંગબેરંગી ચિત્રોવાળો, તેમજ પાને પાને રેશમની પ્રાચીન કારીગરીના ટુકડાઓ મુકેલા તથા કસબ ટીકી અને મોતી માણેકથી મઢેલા પુંઠાવાળો, પ્રાચીન સુશોભીત સં. ૧૫૫૧ માં લખેલો **યશોધિર ચરિત્ર** ગ્રંથ સમગ્ર પ્રદર્શ્ય વસ્તુઓમાં શિરમણી રૂપે શોભતો હતો.

આ ગ્રંથ ઉપર સાચા મોતીના ત્રણ સાથીઆ અને ૨૭ ફુલો જડયાં છે. મોતીનીજ બોર્ડર કાઢેલી છે. ફૂલોમાં માણેકની ટુકડીઓ જડેલી છે. કેટલાંક ખાલી છિદ્રો છે તેમાં નીલમ હીરા હશે તે ઉખડી ગયેલા જણાય છે.

પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ તરફથી ઇનામી નિબંધોની જે યોજના થઈ હતી, તેનું પરિણામ પણ જાહેરમાં આવ્યું છે. જુદા જુદા નવ ગૃહસ્થોને ઇનામો મળ્યાં છે, અને તેમાં છેલ્લું "બાળઉછેર" માટે મીસીસ પટનીનું પાંચ તોલા સુવર્ણનું ઈનામ મીસીસ જી. કે. ઉપાધ્યાયને મળ્યું છે.

**જૈન.**

---

વિદ્યમાન હોવા છતાં પણ-પાંચમી સાહિત્ય પરિષદના પ્રમુખ મી. દીવેટીઆએ તેવા ઉન્નત સાહિત્ય માટે, બોલવા કંજુસાઈ દર્શાવી છે તે માટે અમો ખરેખર દિલગીર છીએ. તેઓએ જૈન સાહિત્યના સંપૂર્ણ ગ્રંથો અવલોકયા હોત તો તેઓ જૈન સાહિત્યને યોગ્ય ન્યાય આપી શકત એમ અમારૂં ધારવું છે. આખી ગુર્જર સાહિત્ય પિપાસુ આલમ હવે આ ઉત્તમ સાહિત્યથી અજાણ નથીજ.

દિગંબર સાહિત્ય માટે છપાવેલી છુટી બુકમાં ૫૦ થી ૬૦ ટકા શ્વેતાંબર આમ્નાયના ગ્રંથોના નામ તેમાં છપાવવા માટે-તેવા ઉદાર દિલવાળા મી. મુ. કી. કાપડીઆનો અમો આભાર માનીએ છીએ પણ જણાવ્યા સિવાય ચાલતું નથી કે **તેમણે જુદા જુદા ગ્રંથો ફેરવાર બતાવ્યા હોત તો ઠીક થાત અસ્તુ. પોતાનું તેટલુંજ પોતાનું બતાવવું એ ડહાપણ ગણાય. આ સૂચના દિગંબર ભાઈઓ દરેક બાબતમાં લાગુ પાડીને પ્રવર્તશે તે ઠીક કહેવાશે.**

પરિષદ્‌માં પ્રમુખ સાહેબે પરિષદ્‌ના કર્તવ્યની યોજનાનું જે બ્યાન કર્યું છે તે અમારા સાહિત્ય શોખીન અને સાહિત્યના અભ્યાસીઓને ઘણુંજ મનનીય છે માટે તે ઉપર અમો દરેક સાહિત્ય વિલાસીઓનું લક્ષ્ય ખેંચીએ છીએ.

# आदर्श रमणि चरित्र.

## સતી સુલસા.

૧.

સતી સુલસા એ કેવળ ભક્તિપરાયણ હતાં. તેમની વીર પ્રભુ પ્રત્યે ઘણીજ અનુપમ અને અનન્ય ભક્તિ હતી. ખરેખર ભક્તિથી શું અપ્રાપ્ય છે? સર્વે કોઈ રિદ્ધિ, સિદ્ધિ પાતો એવી કોઈ વસ્તુ નથી કે જે ભક્તિના માહાત્મ્યથી પામી શકાતી નથી પરંતુ તે ભક્તિ જો હૃદયથી જાગે છે, પ્રભુના કિર્તનમાં લય લીનતા થવાય છે, ભક્તિ મૈયાં મિરાં-બાઇની પેઠે ભક્તિથી રોમાંચ ખડાં થાય છે, હૃદયમાં ભક્તિનાં આંદોલનો ઉછળે છે, સૂતાં પ્રભુ, ઉઠતાં પ્રભુ, બેસતાં પ્રભુ, ખાતાં પ્રભુ અર્થાત્ આખો દિવસ ને રાત સતી સુલસાની પેઠે મારો પ્રભુ પ્રભુ ને પ્રભુ આવી અનન્ય ભાવનાનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારેજ પ્રભુ ભજે છે.

ભગવાનની આગળ પોપટની પેઠે બોલી ગયાં, પ્રભુના ગુણ ફોનોગ્રાફની માફક ગાઈ ગયા, તેથી કરી શું ભગવાન પ્રસન્ન થવાના? ના, કદિ નહિ. તેમના ઉપર જેવો માતા પિતા, ધણી, પુત્ર, સ્વજન, સહોદર વિગેરે ઉપર પ્રેમ ઉછળે છે તેના કરતાં સહસ્રગણો અધિક પ્રેમ ઉછળશે ત્યારેજ શ્રી પ્રભુનું નિદર્શન થવાનું.

પ્રભુજ મારૂં સર્વસ્વ છે, તેજ મારૂં નૂર, તેજ મારી આંખોનું તેજ, તેજ મારી આશાનો અંબાર, આવી જ્યારે અવિચ્છિન્ન ભાવના હૃદયમાં જાગશે ત્યારેજ શ્રી પ્રભુ ભેટાશે એ નિશ્ચય છે. પ્રભુ મેળવવા એ કંઇ સહેલ માર્ગ નથી. શ્રીમદ્ આનંદઘનજી મહારાજ કહે છે કે:—

ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દર્શન મહારાજ;
ધીઠાઇ કરી મારગ સંચરૂં, સેંગુ કોઇ ન સાથ.

માટે ભગવાનની પ્રાપ્તિમાં જેવું અવ્યાબાધ, અક્ષય સુખ છે તેવુંજ તેમની પ્રાપ્તિ કરવા જતાં વચમાં મુશ્કેલીના ખાડા ખરાબા ઘણા વેઠવા પડે તેમ છે, પરંતુ આખરે મુમુક્ષુઓ—આત્માર્થીઓ ભગવાનને પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી ભક્તિના અંકુરો પ્રદિપ્ત થયા નથી ત્યાં સુધી જીવને ઘણા નશ્વર દેહો ધારણ કરવા પડશે. **ભક્તિ વિના કદિ મુક્તિ થતી નથી.** માટે દરેક બ્હેનોએ દરરોજ પોતપોતાથી બનતી ભક્તિ કરવી જોઇએ, તેને ખીલવવાને હમેશાં હૃદય ભૂમિકા શુદ્ધ વિશુદ્ધ કરવી જોઇએ અને ભક્તિનો સુર પ્રભુના ગાનના તાનની વીણામાં સંક્રાંત કરવો જોઇએ. ભક્તિ માટે હમેશાં અધિકારી થવા પ્રયત્ન કરવો જોઇએ. કનકના પાત્રમાં ખીર ઠરતી નથી, ગધેડાના પેટમાં સાકર ટકતી નથી તેમ અધિકારી થયા વિના દિલમાં પ્રભુ વસતા નથી અને ભક્તિ—સૂર્યનાં કિરણો વિકસ્વર થતાં નથી. માટે ભક્તિ ખીલવવાને અધિકારી થવું જોઇએ, અધિકારી થવાને પારકી નિંદા, કુથલી, સ્વાર્થબુદ્ધિ, ઠગાઈ, કુડકપટ, પ્રપંચ, કપટબાજી, અસત્ આચરણ વિગેરેને દુર કરવાં જોઇએ. સફેદ ધોએલા ધોળા કપડા ઉપર જેમ રંગ સારો ચડે છે તેવીજ રીતે હૃદય ભૂમિકા શુદ્ધ હોવાથી ભક્તિ ઘણી જાગે છે; અને તેથીજ કરી ખરો આત્મિક આનંદ અનુભવાય છે.

**सेवन कारण पेहेली भूमिकारे,**
**अभय अद्वेष अखेद.**

( શ્રીમદ્ આનંદઘનજી. )

ભગવાનની સેવામાં પ્રથમ આત્મામાં અભયપણું, અદ્વેષપણું અને અખેદપણું એ રૂપ ત્રણગુણો પ્રાપ્ત કરવા, અને જ્યારે એ ત્રણગુણો પ્રગટ થાય ત્યારે ભગવાનની સેવા કરવાની ભૂમિકાની પહેલી ભૂમિકા પ્રાપ્ત થઇ છે એમ સમજવું.

ભક્તિવંત હૃદયો હમેશાં સરળ, નિષ્કપટી, વિશુદ્ધ અને પાપથી રહિત હોય છે. ખોટી ખોટી જાતના આચારો અને વિચારોથી તે તદ્દન વિમુક્ત હોય છે. મહાન્ સતી સુલસાનો પ્રભુ શ્રી વીર પ્રત્યે અનન્ય પ્રેમ હતો. તેમની પ્રભુ પ્રતિ અવિચ્છિન્ન ભક્તિ હતી. તેઓ હમેશાં પ્રભુ વીરના ગુણોમાં તલ્લીન રહેતાં, તેમની આશાનું કેન્દ્રસ્થાન, તેમના માથાનો મુગટ, તેમના શરીરનો શણગાર, તેમનું સઘળું આધિભૌતિક સુખ, તેમની જીંદગીનું સર્વસ્વ તે કેવળ શ્રી મહાવીર પ્રભુમાંજ માનતાં, તેજ તેમના હૃદયના સાચા દેવ હતા અને તેથીજ કરી પ્રભુ વીરના પવિત્ર હૃદયમાં તેમને વાસ કર્યો હતો. તે આપણને તેમના ચારિત્ર્ય ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે. શ્રમણો ભગવંત શ્રી મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતાં ચંપા નગરીના "કુસુમાકર" નામના ઉદ્યાનમાં પધાર્યા હતા તે વખતે **અંબડ તાપસ** ભગવાનના વંદનાર્થે આવ્યો હતો. તે ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દેઇ સભામાં બેઠો અને ઉપદેશ સાંભળી પાછો પોતાને સ્વધામ જતો હતો તે વખતે શ્રી પ્રભુ મહાવીર સ્વામીએ સમોસરણ ઉપર બિરાજતાં દેવ દાનવો વિગેરેની સભા સમક્ષ **અંબડ તાપસને** કહ્યું કે હે **અંબડ તાપસ ! રાજગ્રહી નગરીમાં નાગસારથીની પત્ની સુલસાને મારા વચનથી બોલાવજે.** બ્હેનો ! આ શું બતાવી આપે છે ? અહાહા ! શ્રી પ્રભુ વીર પ્રત્યે કેવી ભક્તિ હશે ? અહાહા ! સતીનો કેવો પ્રભુ પ્રેમ ! કેવી અલૌકિક ભક્તિ ? ખુદ ત્રીલોકના નાથ શ્રી પ્રભુએ ભરસભા વચ્ચે તેમનાં વખાણ કર્યાં. ધન્ય છે તે સતીને અને ધન્ય તેમની અનન્ય ભક્તિને ! આ ઉપરથી આપણે સાર એ લેવાનો છે કે જેવી સતી સુલસાએ ભક્તિ પ્રભુ પ્રત્યે ખીલવી હતી તેવી ભક્તિ ખીલવવાને આપણે પ્રયત્નશીલ થવું જોઇએ અને બ્હેનો તેથીજ આપણું કલ્યાણ થવાનું છે એ પણ નિશ્ચય અને નિર્વિવાદ છે. બ્હેનો હમેશાં દેરાસર જવું જોઇએ, કોઈ દિવસ પણ તે ચુકવું જોઇએ નહિ. અને પ્રભુની મુદ્રા જોઇ તેમના ગુણોનું સ્મરણ કરી તેમની સ્તવનામાં તલ્લીન રહી હૃદય ભક્તિરસથી ભરપુર કરવું. જે સ્તવન કે કીર્તન ગાવું તેના અર્થનું રહસ્ય ઊંડું વિચારી હૃદય તેમાં પરોવવું, આથી ભક્તિરસ જાગશે. મહા સતી સુલસા પોતાના ચારિત્ર્યથી આપણને ભક્તિનો પાઠ શીખવે છે તે ઉપર હમેશાં ચિત્ત રાખી અમારી બ્હેનો ભક્તિરસ હમેશાં ખીલવી પોતાના આત્માનું ભલું કરશે એવું ઇચ્છી વિરમું છું. (અપૂર્ણ.)

**સૌ. કુસુમ.**

---

**રા. રા. વકીલ મોહનલાલ હીમચંદ, પાદરા.**

વિ. વિ. સાથ લખવાનું કે આપે ગતાંકમાં આવેલા "સૌ. નંદકુંવર" ના લેખની ગૌરવતાનાં વખાણ તથા તેમાં વપરાયલી અઘરી ભાષાના સંબંધમાં ટીકાના રૂપમાં લખ્યું તે બદલ તમારો ઉપકાર ઘટે છે. હાલનો આપણો સ્ત્રીસમાજ કેળવણીની બાબતમાં આગળ વધેલો નહિ હોવાથી તત્ નિમિત્તે જે લેખો લખવામાં આવે તે સાદી અને સરળ ભાષામાં મુકવામાં આવે તો તેથી ઘણો ફાયદો થઇ શકે એ તમારી દલીલ યોગ્ય છે. અમો આપણી સર્વે આર્ય મહિલાઓનું તે પરત્વે ધ્યાન ખેંચીએ છીએ. આ વખતના આદર્શ રમણિ ચારિત્ર્યના "સૌ. કુસુમ" ના લખેલા લેખ ઉપરથી આપ જોઈ શકશો કે આપની સુચનાનો તેમાં ઘટતો અમલ થયો છે.

**"વ્યવસ્થાપક."**

જૈન પ્રજા માટે એક નિર્ભય અને ભરૂસાપાત્ર ઠેકાણું !




## કે જ્યાં અગાડી



અપટુડેટ ફેશનના

# સોનાના! મસીન પૉલીસ દાગીનાઓ

## ની સેંકડો ફેશનોનો મોટો જથ્થો તૈયાર રહે છે !

અને નિર્ભય રીતે તદ્દનજ ચોખ્ખું અને સફાઈબંધ ફેન્સી કામ ઘરાકોના સોનાનું કીફાયત મજુરીથી અને ઘણીજ ઝડપથી વાયદેસર બનાવી આપવામાં આવે છે.

તૈયાર દાગીનાઓની **મજુરી કાપી** નાણાં પાછાં આપવાની **લખીત ગેરંટી** મળે છે.

ઈંગ્લીશ જ્વેલરી, રોલ્ડગોલ્ડ જ્વેલરી, અને ચાંદીની સેંકડો ફેશનેબલ ચીજોનો જંગી સ્ટોક તૈયાર રહે છે. ખાસ વિલાયતથી આવેલા બીલીયાન કટના હીરાઓ, માણેક, પાના, વિગેરે ઝવેરાતનું કામ ઘરાકો અને વહેપારીઓનું સગવડ પડતી રીતે કરીએ છીએ.

# રૉયલ જ્વેલરી માર્ટ.

**પ્રોપ્રાયટર—ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**

૪૫૬ રીચીરોડ—**અમદાવાદ.**

# ગોદરેજની તીજોરી અને મોતી.

**ગોદરેજની તીજોરીના** સંબંધમાં ઝવેરીઓ વારે વારે એવો સવાલ ઉઠાવે છે કે એ તીજોરીઓમાં આગની વખતે કાગળ બળતા નથી એ ખરૂં છે છતાં તીજોરીની અંદર મેલેલાં મોતીનું આબ ઉડી જાય કે નહિ.

ગયા નવેમ્બરમાં ગીરગામ બૅકરોડ ઉપર શેઠ લાલજી દયાલના મકાનમાં મોટી આગ થઇ તે ઘરમાં શેઠ ગોરધનદાસ પટેલની માલીકીની એક તીજોરી **ગોદરેજની** બનાવેલી હતી અને તેમાં કાગળો ઉપરાંત મોતીની એક પોટલી હતી તે મોતીની હાલત આગ પછી કેવી હતી તે શેઠ ગોરધનદાસે **ગોદરેજ** ઉપર લખેલા નીચલા કાગળ ઉપરથી સમજી શકાશેઃ—

## મેસર્સ ગોદરેજ અને બાઇસ જોગ-

થોડા દહાડા ઉપર ગીરગામ બૅકરોડના મારા ઘરમાં આગ લાગી તે વખતે મારા વપરાશમાં તમારી એક તીજોરી હતી. મારી રહેવાની જગ્યામાં સઘળું બળીને રાખ થઇ ગયું હતું અને જ્યાં આગ બહુ જોરમાં થઇ ત્યાં તમારી તીજોરી હતી. તીજોરીમાં કરન્સી નોટો અને ખતપત્તરો ઉપરાંત સોનાના દાગીના હતા અને થોડાંક છુટાં મોતીની એક પોટલી હતી. **તીજોરી ગોદરેજની બનાવેલી એટલે સઉની ખાત્રી હતી કે કાગળો જરૂર સલામત રહેશે પણ મોતીની હાલત સારી રહેશે કે નહિ તે માટે કેટલાકોને શક હતો. તીજોરી ખોલતાં હાજર રહેલાઓની અજાયબી વચે કાગળો તેમજ મોતી સંપૂર્ણ સારી હાલતમાં મળી આવ્યાં હતાં અને મોતીના આબને જરાએ ઈજા થઈ હતી નહિ.**

તા. ૨૮-૧૧-૧૪.

લી૦ સેવક,

**ગોરધનદાસ વી. પટેલ.**

**કારખાનુંઃ-ગૅસ કંપની પાસે, પરેલ મુંબઇ.**

**શાખાઃ-રીચીરોડ —અમદાવાદ.**